RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 193* Date: 11.05.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૬૭૧૫૨,મૃત્યુઆંક ૨૨૦૬એ પહોંચ્યો

# ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૪૨૧૩ પોઝિટિવ કેસઃ ૯૭ના મોત

*ન્યુ દિલ્હી,તા.૧૧*

દેશમાં કોરોના લોકડાઉન-૩ની મુદત ૧૭ મેના રોજ પૂરી થઈ રહી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પાંચમી વખત રાજ્યોના સીએમ સાથે બેઠક યોજીને લોકડાઉન ઘટાડવુ કે વધારવુ તે અંગે વિચારવિમર્શ હાથ ધર્યો હતો. તો બીજી તરફ આવતીકાલ ૧૨મીથી સ્પેશ્યલ ટ્રેનો દિલ્હીથી વિવિધ શહેરો વચ્ચે શરૂ છઈ રહી છે. ૩-૩ લોકડાઉન છતાં ભારતમાં કોરોના પોઝીટીવના કેસોમાં વધારો થયો છે અને છેલ્લાં ૨૪ કલાકમાં અત્યારસુધીમાં સૌથી વધારે રેકોર્ડબ્રેક સમાન ૪ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા.,

સૂત્રોએ જણાવ્યું હતું કે, દેશમાં તમામ પ્રયાસો છતાં પણ કોરોના વાયરસ(કોવિડ-૧૯)નુ સંકટ ઝડપથી વધી રહ્યુ હોય તેમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે સોમવારે જણાવ્યુ કે હવે ભારતમાં કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની સંખ્યા વધાને ૬૭,૧૫૨ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૪૨૧૩ કેસો સામે આવ્યા છે. ૨૪ કલાકમાં ૧૧૧ લોકોના મોત થયા જેમાં, મુંબઈમાં સૌથી વધુ ૫૩ દર્દીઓએ જીવ ગુમાવ્યા હતા. દેશમાં કોરોના વાઈરસના કારણે મરનારા લોકોની સંખ્યા વધીને ૨,૨૦૬ થઈ ગઈ છે. જયારે સંક્રમિતોની સંખ્યા વધીને ૬૭,૧૫૨ થઇ છે. કેન્દ્રીય આરોગ્ય વિભાગ મુજબ, ગત ૨૪ કલાકમાં ૪,૨૧૩ નવા કેસ સામે આવ્યા છે. જે અત્યાર સુધીમાં સૌથી વધુ કેસ છે.કુલ પૉઝિટીવ કેસોની સંખ્યા વધીને ૪૪,૦૨૯ સક્રિય કેસો ૨૦૯૧૭ છે.

સોમવારે રાજસ્થાનમાં ૮૪, આંધ્રપ્રદેશમાં ૩૮, હરિયાણામાં ૨૮, ઓડિશામાં ૧૪ અને કર્ણાટકમાં ૧૦ કેસ સામે આવ્યા છે. આ પહેલા રવિવારે એક દિવસમાં સૌથી વધારે ૪૨૯૬ નવા દર્દીઓ નોંધાયા હતા. જોકે આ દિવસે સૌથી વધારે ૧૬૬૮ લોકો સાજા પણ થયા હતા. આ આંકડા covid19india.org અને રાજ્ય સરકારો પાસેથી મળેલી માહિતીના આધારે છે. કેન્દ્રીય સ્વાસ્થય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે દેશમાં ૬૭,૧૫૨ દર્દીઓ છે. ૪૪,૦૨૯ લોકોની સારવાર ચાલી રહી છે. ૨૦, ૯૧૬ સાજા થઈ ગયા છે. કોરોનામાંથી



દર્દીઓનો સાજા થવાનો દર ૩૧.૧૫ટકા થઈ ગયો છે.. જ્યારે અત્યાર સુધી દેશમાં ૨૨૦૬ દર્દીઓના મોત થયા છે. છેલ્લાં ૨૪ કલાકમાં જે લોકોના મોત થયા તેમાં મહારાષ્ટ્રમાં ૫૩, ગુજરાતમાં ૨૧, પશ્ચિમ પંગાળમાં ૧૪, તમિલનાડુમાં ત્રણ, આંધ્ર પ્રદેશ, બિહાર, હરિયાણા, કર્ણાટકા અને રાજસ્થાનમાં એક-એક દર્દીનો સમાવેશ થાય છે.

દિલ્હીના ઉર્જા મંત્રાલયમાં એક ઓફિસરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ત્યારબાદ શ્રમ શક્તિ ભવનના છઠ્ઠા માળને સીલ કરવામાં આવ્યો હતો. આ માળે જ ઉર્જા મંત્રાલયનું કામકાજ થાય છે. મંત્રાલય દ્વારા કરવામાં આવેલી ટ્વીટમાં આ જાણકારી આપવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે, ઓફિસમાં મંગળવારથી કામ શરૂ થશે.

સ્વાસ્થય વિભાગે કોરોનાના ખૂબ સામાન્ય લક્ષણ અથવા પ્રી સિમ્પોમેટિક દર્દીઓ માટે હોમ આઈસોલેશનની ગાઈડલાઈનમાં ફેરફાર કર્યા છે. હોમ આઈસોલેશન વાળા દર્દીઓ શરૂઆતના લક્ષણ દેખાયાના ૧૭ દિવસ પછી આઈસોલેશન ખતમ કરી શકે છે. પ્રી-સિમ્પટોમેટિક કેસમાં સેમ્પલિંગના દિવસથી ૧૭ દિવસ ગણવામાં આવશે. બંને કેસમાં એવી શરત રાખવામાં આવશે કે ૧૦ દિવસથી તાવ ન આવ્યો હોય. સ્વાસ્થય મંત્રાલયે હોમ આઈસોલેશન વાળા દર્દીઓ અને તેમની સારવાર કરતાં લોકો માટે પણ નિર્દેશ જાહેર કર્યા છે. બંનએ ત્રિપલ લેયર માસ્ક પહેરવું જરૂરી છે.

મહારાષ્ટ્ર આરોગ્ય મંત્રાલય વિભાગના જણાવ્યાં અનુસાર, રાજયમાં કોરોના સંક્રમણના ૧૨૭૮ કેસ આવ્યા બાદ કુલ કેસોની સંખ્યા ૨૨,૧૭૧ થઈ ગઈ છે જયારે મૃતકોનો આંકડો વધીને ૮૩૨ થઈ ગયો છે. રાજયમાં કોરોનાના સૌથી વધુ ૧૩૭૩૯ કેસ મુંબઈ અને ૨૩૭૭ પૂણે મહાનગર પાલિકામાં સામે આવ્યા છે ગુજરાત સરકારના જણાવ્યા અનુસાર રાજયમાં કોરોના વાયરસ સંક્રમણના કુલ કેસ વધીને ૮૧૯૪ થઈ ગયા છે જયારે અત્યાર સુધી ૪૯૩ કોરોના દર્દીનો મોત થયા છે. રાજયમાં સૌથી વધુ ૫૮૧૮ કેસ અમદાવાદ, ૮૯૫ સુરત, ૫૧૮ વડોદરા, ૧૨૯ ગાંધીનગર, ૯૪ ભાવનગરથી સામે આવ્યા છે.

તમિલનાડુમાં ૭,૨૦૪, દિલ્હીમાં ૬,૯૨૩, રાજસ્થાનમાં ૩,૮૧૪, મધ્ય પ્રદેશમાં ૩,૬૧૪ અને ઉત્તર પ્રદેશમાં ૩,૪૬૭ કેસો નોંધાયા છે. હિમાચલ પ્રદેશમાં ૫૦ અને લદ્દાખમાં અત્યાર સુધી ૪૨ કેસ સામે આવ્યા છે.

અંદામાન અને નિકોબાર દ્વીપસમૂહમાં કોવિડ-૧૯ના ૩૩ કેસ છે.મેઘાલયમાં સંક્રમણના ૧૩, પોંડીચેરીમાં ૯, જયારે ગોવામાં ૭ કેસ છે.મણિપુરમાં કોવિડ-૧૯ના ૨, જયારે મિઝોરમ, અરૂણાચલ પ્રદેશ અને દાદરા એન્ડ નગર હવેલીથી ૧-૧ કેસ સામે આવ્યા છે.

### ૧૫ ટ્રેનો વિવિધ રાજ્યોના મુખ્ય શહેરોમાં જશે

## કોરોના સંકટ વચ્ચે આજથી આંશિક રેલ સેવાનો પ્રારંભ

*ન્યુ દિલ્હી,તા.૧૧*

ભારતીય રેલવેએ કહ્યું છે કે, અમારી યોજના ૧૨ મેના મંગળવારથી ચરણબદ્ધ રીતે યાત્રી ટ્રેન સેવાઓ શરુ કરવાની છે. શરુઆતમાં પસંદગીના રૂટ પર ૧૫ જોડી ટ્રેન (અપ અને ડાઉન મળીને ૩૦) ટ્રેનો દોડાવવામાં આવશે. સાથે જ રેલવેએ કહ્યું છે કે, આ ટ્રેનોમાં પોતાની સીટ રીઝર્વ કરાવનાર પ્રવાસીઓએ એમના પ્રસ્થાન સમયથી ઓછામાં ઓછા એક કલાક પહેલા રેલવે સ્ટેશન પર પહોંચવું પડશે.અધિકારીઓએ જણાવ્યું કે, આરક્ષણ દરમિયાન પ્રાપ્ત ટિકિટો પર શું કરવું અને શું ન કરવું તે સ્પષ્ટપણે લખેલું હશે. તેમાં માર્ગદર્શિકાઓનો પણ સમાવેશ કરાયો હશે. જેમકે ઓછામાં ઓછા એક કલાક પહેલા રેલવે સ્ટેશન પર પહોંચવું પડશે, પ્રસ્થાન સ્થાન પર મેડિકલ તપાસ કરાવવી પડશે, કોરોના વાયરસ સંક્રમણ સાથે જોડાયેલા અન્ય પ્રોટોકોલ્સનું પાલન કરવું પડશે, મોઢા પર માસ્ક ફરજિયાત પહેરવું પડશે તેમજ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાની રહેશે.તેમણે કહ્યું કે, માત્ર કાયદેસર ટિકિટધારકોને જ રેલવે સ્ટેશનમાં પ્રવેશવાની મંજૂરી હશે. યાત્રીઓ માટે માસ્ક પહેરવું જરુરી છે અને સાથે જ સ્વાસ્થ્યની તપાસ પણ અનિવાર્ય હશે. માત્ર એ જ લોકોને ટ્રેનમાં ચઢવાની મંજૂરી મળશે જેમાં વાયરસના ચેપાન કોઈ જ લક્ષણો નહીં હોય. યાત્રા દરમિયાન ટ્રેન મર્યાદિત સ્ટેશનો પર થોભશે.રેલવે સ્ટેશનો પર ટિકિટ બુકિંગ વિન્ડો બંધ હશે. પ્લેટફોર્મ ટિકિટ સહિત કોઈ પણ કાઉન્ટર ટિકિટ ઈસ્યૂ કરવામાં નહીં આવે. શરુઆતમાં તમામ ૧૫ રાજધાની ટ્રેનોના માર્ગો પર વાતાનુકુલિત ટ્રેનસેવા શરુ કરાશે અને તેમનું ભાડુ સુપરફાસ્ટ ટ્રેનો જેટલુ હશે.

આ વિશેષ ટ્રેનો નવી દિલ્હી રેલવે સ્ટેશનથી રવાના થશે અને દિબ્રૂગઢ, અગરતાલા, હાવડા, પટણા, બિલાસપુર, રાંચી, ભુવનેશ્વર, સિકંદરાબાદ, બેંગલુરૂ, ચેન્નઈ, તિરુવનંતપુરમ, મડગાંવ, મુંબઈ સેન્ટ્રલ, અમદાવાદ અને જમ્મૂ-તાવી જશે. શ્રમિક ટ્રેનોથી અલગ આ ટ્રેનોના ડબ્બાઓમાં તમામ ૭૨ સીટો પર બુકિંગ થશે અને તેમના ભાડામાં કોઈપણ પ્રકારની છૂટની શક્યતા નથી. શ્રમિક સ્પેશિયલ ટ્રેનોમાં એક ડબ્બામાં ૫૪ યાત્રીઓને યાત્રા કરવાની મંજૂરી છે.

### કેજરીવાલે લોકડાઉનમાં રાહત માંગી

## વડાપ્રધાન મોદીએ લોકડાઉન સંદર્ભમાં રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે યોજી બેઠક

*ન્યુ દિલ્હી,તા.૧૧*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના લોકડાઉન-૩ની મુદત ૧૭ મેના રોજ પૂરી થવા જઈ રહી છે ત્યારે તેમાં વધારો કરવો કે વધુ છૂટછાટો સાથે ધીમે ધીમે લોકડાઉન ઉઠાવી લેવું તેની ચર્ચા દેશના વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે આજે યોજી હતી. દરેક રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે તેમની આ પાંચમી વખત વીડિયો કોન્ફરન્સિંગ બેઠક હતી.. આ બેઠક બપોરે ૩ વાગે શરૂ થઈ હતી.. આ બેઠક બે તબક્કામાં થવાથી છે. બેઠકનો પહેલો તબક્કો ૩થી ૫.૩૦ વાગ્યા સુધી ચાલશે અને બેઠકનો બીજો તબક્કો ૬ વાગે શરૂ થશે અને કોઈ પરિણામ ન આવે ત્યાં સુધી ચાલુ રહેશે.

આ બેઠકમાં દરેક મુખ્યમંત્રીઓને તેમની વાત રજૂ કરવાનો મોકો મળશે. લોકડાઉનનો ત્રીજો તબક્કો ૧૭ મેના રોજ પૂરો થઈ રહ્યો છે. આ સંજોગોમાં મોદી મુખ્યમંત્રીઓ સાથે કોરોનાને ટક્કર આપવાની રણનીતિ, લોકડાઉનમાં છૂટછાટ આપવા અને આર્થિક ગતિવિધિને વેગ આપવા વિશે સુચન માંગશે. બીજી બાજુ કેન્દ્ર સરકારનું ફોકસ હવે ઈકોનોમીને ગતિ આપવા માટે રાજ્યોનું કામકાજ શરૂ કરાવવા પર રહેશે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પહેલાં જ લોકડાઉનમાં રાહતની માંગણી કરી ચૂક્યા છે. કેજરીવાલે કહ્યું છે કે, લોકડાઉને આર્થિક સ્થિતિ બગાડી દીધી છે. આ સંજોગોમાં દિલ્હીને ખોલવું જરૂરી. તેમનું કહેવું છે કે, આ સંજોગોમાં દિલ્હીમાં કેસ વધશે તો પણ અમે તેને ટક્કર આપવા તૈયાર છીએ. કેજરીવાલ પહેલાં જ કહી ચૂક્યા છે કે, આપણે કોરોના સાથે જીવતા શીખવું જ પડશે.

વડાપ્રધાન મોદીએ સૌ પહેલા ૨૫ માર્ચે લોકડાઉનની જાહેરાત કરી હતી. પહેલું લોકડઉન ૨૧ દિવસનું આપવામાં આવ્યું હતું. તે ૧૪ એપ્રિલે પુરૂ થવાનું હતું. પરંતુ ત્યારપછી લોકડાઉન ૧૯ દિવસનું વધારી દેવામાં આવ્યું. ૩ મેના રોજ ખતમ થતાં લોકડાઉનને ફરી ૧૪ દિવસ માટે વધારી દેવામાં આવ્યું. જે હવે ૧૭ મેના રોજ ખતમ થવાનું છે.સોમવારે મોદી ૫૧ દિવસમાં પાંચમી વખત વિડીયો કોન્ફરન્સ યોજી હતી. આ પહેલાં તેમની મુખ્યમંત્રીઓ સાથે ચાર વખત વીડિયો કોન્ફરન્સ થઈ ચૂકી છે. તેમણે ૨૦ માર્ચ, ૨,૧૧ અને ૨૭ એપ્રિલે પણ વીડિયો કોન્ફરન્સથી મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરી હતી.

### નાના બિઝનેસ માટે ક્રેડિટ ગેરન્ટી સ્કીમ,પરપ્રાંતિય કામદારો માટે રોકડ સહાય જાહેર થશે

## કોરોના સંકટઃ મોદી સરકાર વધુ એક રાહત પેકેજ જાહેર કરે તેવી શક્યતા

*ન્યુ દિલ્હી,તા.૧૧*

કેન્દ્ર સરકાર ચાલુ સપ્તાહે બહુપ્રતિક્ષિત બીજું સ્ટિમ્યુલસ પેકેજ જાહેર કરે તેવી શકયતા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર પેકેજમાં નાના બિઝનેસ માટે તરલતાની સમસ્યા હળવી કરવા ક્રેડિટ ગેરંટી સ્કીમ તેમજ પરપ્રાંતિય કામદારો માટે રોકડ સહાય પણ સામેલ હશે. પેકેજનો પ્રથમ ભાગ લગભગ તૈયાર થઈ ચૂકયો છે અને ચાલુ સપ્તાહે તે જાહેર કરવામાં આવશે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર લોકડાઉનનો ત્રીજો તબક્કો ૧૭ મેના રોજ પૂરો થઈ રહ્યો છે. સરકાર અર્થતંત્રની સ્થિતિની સમીક્ષા કરી રહી છે ત્યારે પેકેજની જાહેરાત તબક્કાવાર ધોરણે કરાશે. ત્યાર પછી સૌથી વધુ નુકસાન વેઠનારા સર્વિસિસ સેકટર માટે પેકેજ આવશે. નાણાપ્રધાન નિર્મલા સીતારામન અને નાણામંત્રાલયના અધિકારીઓએ વડાપ્રધાન મોદી અને વડાપ્રધાન કાર્યાલયના અધિકારીઓ સાથે પેકેજના વિવિધ પાસાં નક્કી કરવા શ્રેણીબદ્ધ બેઠકો કરી હતી.

PMO સમગ્ર પ્રક્રિયા પર ચાંપતી નજર રાખે છે અને તે વિવિધ પક્ષકારો સાથે સીધા સંપર્કમાં છે. સરકારે ચાલુ વર્ષ માટે ઋણનો લક્ષ્યાંક અગાઉના રૂા.૭.૮ લાખ કરોડ (બજેટનો અંદાજ) થી વધારી રૂા.૧૨ લાખ કરોડ કર્યો છે તેનો અમુક હિસ્સો સ્ટિમ્યુલસ પેકેજ માટે વાપરવામાં આવશે.

અગાઉ સરકારે રૂા.૧.૭ લાખ કરોડનું પેકેજ જાહેર કર્યું હતું. જેમાં ગરીબોને ૨૫ માર્ચે લોકડાઉનનો અમલ શરૂ થયો ત્યાર પછી તરત રોકડ સહાય, વિનામૂલ્યે અનાજ અને રાંધણ ગેસની વેચણી કરવામાં આવી હતી. ક્રેડિટ ગેરીં સ્કીમને પગલે બેક્રો માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝીસ (MSMEs)ને ધિરાણ કરવામાં ખચકાટ નહીં અનુભવે. ઉપરાંત, પરપ્રાંતિય કામદારોને નાણાકીય સહાયના મુદ્દાને પણ અગ્રિમતા આપવામાં આવશે.

PSU બેક્રોએ રૂા.૩૦,૦૦૦ કરોડના ગેરંટી ફંડનું સૂચન કર્યું છે જે ત્રણ-ચાર વર્ષમાં ઉભું કરી શકાશે. અધિકારીના જણાવ્યા અનુસાર આવું ફંડ લગભગ રૂા. ૩ લાખ કરોડની લોન માટે ૧૦૦ ટકા સુધીની ગેરંટી આપશે. જો કે, સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેક્ર ઓફ ઈન્ડિયા (SIDBI) અને જાહેર ક્ષેત્રની બેક્રોએ ગેરંટીનો આંશિક બોજ વેઠવાનો રહેશે.

### કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન હરદીપસિંહ પુરીની જાહેરાત

## કોરોના મહામારી વચ્ચે ૧૫ મે પહેલા ઘરેલુ વિમાની સેવા ફરીથી શરૂ થવાની સંભાવના

*ન્યુ દિલ્હી,તા.૧૧*

દેશમાં કોરોના મહામારીની વચ્ચે ઘરેલુ ઉડાન કામગીરી એક અઠવાડિયામાં ફરી શરૂ થવાની સંભાવના છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન હરદીપસિંહ પુરીએ એક અંગ્રેજી મેગેઝીનને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે સરકાર ૧૫ મે પહેલા ઘરેલુ ઉડાન કામગીરી ફરીથી શરૂ કરવાની યોજના બનાવી રહી છે.અમે ઘરેલું ફ્લાઈટ ઓપરેશન્સ ૧૫ મે પહેલા જ શરૂ કરવાનું વિચારી રહ્યા છીએ. મારો પ્રયાસ હશે કે તે ખૂબ જલ્દીથી શરૂ કરવાની દિશામાં આગળ વધવાનો પ્રયત્ન કરીશ. હું તેના પર કોઈ તારીખ લગાવી શકતો નથી કારણ કે જ્યારે આપણે વિદેશમાં ફસાયેલા ભારતીયોને લાવવની કામગીરીની યોજના ઘડી રહ્યા હોવ ત્યારે તમને જરૂર છે કે , સ્થાનિક નાગરિક ઉડ્ડયન ખોલવા માટે, મને સ્થાનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પણ જરૂર છે .તેમણે કહ્યું કે શરૂ થનારી ઘરેલું વિમાની સેવા કોઇ રેસ્ક્યૂ કામગીરી નહીં હોય. કેમ કે મંત્રાલય ફરીથી વ્યવસાયિક કામગીરી શરૂ કરશે.

×અમે એકવાર ઘરેલું નાગરિક ઉડ્ડયન શરૂ કરીશું, તો તેને બચાવ કાર્ય કહી શકાય નહીં. અમે વ્યાપારી કામગીરી શરૂ કરી રહ્યા છીએ, અને દરેક તેમાં મુસાફરી કરી શકશે.×

ગ્રીન ઝોન વચ્ચે ફલાઈટ ઓપરેટિંગ વિશે બોલતા મંત્રીએ વધુમાં ઉમેર્યુ કે, ×આ અંગે અમારે અંતિમ નિર્ણય લેવો પડશે. જો તમે ભારતના નકશા પર નજર કરો તો ગ્રીન ઝોન વચ્ચે સંચાલન કરવું સહેલું છે. પરંતુ જો તમે બધા મહાનગરો પર નજર નાખો તો તેઓ રેડ ઝોનમાં છે. અમે તેમને સંપૂર્ણ પણ છોડી શકતા નથી. આ અંગે આગામી થોડા દિવસોમાં નિર્ણય લેવામાં આવશે. × વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા સરકારે પહેલેથી જ ફ્લાઈટ કામગીરી શરૂ કરી દીધી છે. ૨૦૦ થી વધુ ભારતીયો આજે બાદમાં શારજાહથી પાછા ભારત પ્રવાસ કરશે.

### રાજ્ય માં કોરોના અપડેટ

Time07:45pm11/05/2020

ગુજરાત રાજ્યમાં 24 કલાકમાં નવા પોઝિટિવ કેસ 347 કુલ કેસનો આંકડો 8542 પહોંચ્યો,અમદાવાદ જિલ્લામાં નવા 268 કેસ કુલ કેસનો 6086 આંકડો પહોંચ્યો.રાજ્યમાં કોરોનાથી 513 મૃત્યુ થયા.છેલ્લા 24 કલાકમાં કોરોનાથી 20 મૃત્યુ .રાજ્યમાં અત્યાર સુધી 2780 લોકો સ્વસ્થ થયા. રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 235 લોકો સ્વસ્થ થયા. રાજ્યમાં 31 દર્દી વેન્ટીલેટર પર.બનાસકાંઠામાં કુલ 81 પોઝિટિવ કેસ અને છેલ્લા 24 કલાકમાં 00 નવા કેસ નોંધાયા. બનાસકાંઠા જિલ્લામાં 33 લોકો સ્વસ્થ થયા અને 03 દર્દી મૃત્યુ પામ્યા .આરોગ્ય અગ્રસચિવ આપી માહિતી.રાજ્યના 33 જિલ્લામાંથી 32 જિલ્લામાં કોરોના પ્રવેશ રાજ્યમાં ફક્ત અમરેલી જીલ્લો સુરક્ષિત

## તંત્રી સ્થાનેથી...

### કોરોના રોકવામાં આયુર્વેદ ઓસડીયા સફળ: લોકો પરંપરાગત પ્રણાલીઓ તરફ વળશે કે કેમ.....?

*વિશ્વકર્મા આજે મોટાભાગના દેશોની હાલત ખરાબ કરી નાખી છે છતાં કોઈ પણ દેશના લોકો કોરોના સામે લડવામાં પાછા પડ્યા નથી....! તે સાથે જે તે દેશની સરકારોએ પોતાની મૂનસુફી અનુસાર લોકોને આર્થિક સહાય તેમજ અન્ય સહાય આપીને દોડતા રાખ્યા છે. હવે આ તમામ દેશો ધીરી ગતિએ પોતપોતાના દેશના અર્થતંત્રને પાટા પર ચડાવવા ઉદ્યોગ-ધંધા સહિતના કાર્યો શરૂ કરવાની છૂટછાટ આપવાની શરૂઆત કરી દીધી છે.... જેમાં ભારત પણ બાકાત નથી... પરંતુ ભારતમાં રેડ ઝોન વિસ્તારો માટે કઈ રીતે અને કેટલી છૂટછાટ આપવી તેમજ કેટલા પ્રકારે આપવી તે નક્કી કર્યા પછી તેની જાહેરાત કરવામાં આવશે. દુનિયાના દેશઘ જાણે છે કે ૧૦૦ વર્ષે વિશ્વમાં એક નવા રોગનો ઉદય થાય છે જે મહામારી બની જાય છે કારણ કે રોગ નાથવાની દવા શોધવામાં લાંબો સમય વીતી જાય છે.... લાખો લોકો તેનો ભોગ બને છે અને મૃતાક પણ મોટો જ હોય છે. ૧૭૨૦ માં પ્લેગ આવ્યો હતો, ૧૮૨૦ માં ઝાડા ઉલટી એટલે કે કોલેરા, ૧૯૨૦ માં સ્પેનિશ ફલ્યુ અને અત્યારે ૨૦૨૦ માં કોરોના વાયરસ વિશ્વભરમાં ત્રાટક્યો છે.... હવે આ કોઈ રહસ્ય છે કે પછી માનવ ભુલો કે કુદરતી ક્રિયા તે કોઈ પણ સમજી શક્યા નથી તે હકીકત છે.....! ભારત એક એવો ઋષિ મુનિઓનો આયુર્વેદ ખાણીપીણી ઉપર ચાલતો દેશ છે કે જ્યાં વિશ્વના દેશોમાં ફેલાતા રોગ જેવા રોગો પેદા થતા ન હતા કે પછી ભારતથી દૂર રહેતા હતા..... ભારતના ખાદ્ય ખોરાક- ખાવા-પીવામાં રસોડાથી આયુર્વેદિક પદ્ધતિનો ઉપયોગ થતો રહ્યો છે..... પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી ગ્રામ્ય વિસ્તારો છોડીને નાના-મોટા શહેરો પશ્ચિમી સંસ્કૃતિ સાથે તેના ખાવા પીવાનું- ખોરાક પદ્ધતિનું અનુસરણ કરતા ભારતમાં પણ વિદેશો જેવા વિવિધ રોગો થવા લાગ્યા..... અને આજે તેનું પરિણામ સૌ કોઈ ભોગવી રહ્યા છે. તેમાં પણ નાના- મોટા શહેરો આધુનિકતાના નામે આયુર્વેદ ખોરાક ભૂલવા લાગ્યા જીભના ચટાકા વધ્યા અને બીમારીઓમાં ઝડપથી ઊભા થવાય તેવી મેડિસિન ઉપયોગ કરવા તરફ મોટા પ્રમાણમાં વળી ગયા. ખોરાકમાં બર્ગર, પિઝા, મંચુરિયન, મેગી,પાસ્તા સહિતની ચાઈનીઝ તથા વિદેશી ખાવા-પીવા તરફ ઠંડા પીણા, આઈસ્ક્રીમ જેવા ખોરાક તરફ વળી ગયા..... પરિણામે શરીરની રોગનો સામનો કરવાની શક્તિ ઘટી ગઈ..... અને આજે તેના પરિણામ ભારતના લોકો ભોગવી રહ્યા છે.....! ત્યારે ફરી એકવાર કોરોનાનો સામનો કરવામાં ભારતમાં આયુર્વેદ ઓસડીયા એટલે કે આયુર્વેદ દવાને સફળતા મળી છે તે એક સત્ય હકીકત બનવા જઈ રહી છે......" ભારતમાં કોરોના દર્દીઓની સંખ્યા ૬૨,૯૪૧ પર પહોંચી ગઈ છે તો મૃતાંક ૨૧૦૦ થી આગળ વધ્યો છે. ગુજરાતમાં ૮૨૦૦ પર કોરોના દર્દીનો આંક પહોંચી ગયો છે ત્યારે મૃતાક ૪૯૫ પહોંચી ગયો છે પરંતુ ગુજરાતમાં અમદાવાદ કોરોના સંક્રમિતોનું મુખ્ય સેન્ટર બની ગયું છે. એકલા અમદાવાદમાં ૫૮૨૧ કેસ નોંધાયા છે અને મૃતાક ૩૮૨ પહોંચી ગયો છે. સરકારી- અર્ધસરકારી તમામ હોસ્પિટલો હાઉસફુલ થઈ જતા સરકારે ખાનગી હોસ્પિટલો, હોટલો, વિદ્યાર્થી હોસ્ટેલો પણ હસ્તગત કરવાની ફરજ પડી છે. જો કે સરકારની ચેતવણી અને આદેશ પછી ખાનગી હોસ્પિટલો- દવાખાના ખૂલી ગયા છે જેને કારણે અન્ય રોગ ધરાવનારાઓને રાહત થઈ ગઈ છે.... પરંતુ આવી ખાનગી સેવાઓ મહામારીના સમયમા માનવતા ભૂલી ગયાની ઘટનાઓ બહાર આવી રહી છે.....કેટલાકો પ્રજાને લૂંટવામાં પાછું વળીને જોતા નથી....ભારે મોટા ચાર્જ અને ફી વસુલી રહ્યા છે... તો* **laboratorio** *પણ ખોટા રિપોર્ટ આપી પ્રજાને લુટવાનું કાર્ય કરી રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેનો તાજો દાખલો છે અમદાવાદ સાબરમતી ખાતે આવેલ એક લેબોરેટરીમાં એક ભાઈએ રિપોર્ટ કઢાવ્યો જે રિપોર્ટમા બતાવ્યું કે આઈએનઆર ૧.૫ છે. તારીખ ૫- ૫- ૨૦૨૦ નો રિપોર્ટ છે. ત્યાર બાદ આ ભાઈએ યુ.એન.મહેતામાં રિપોર્ટ કરાવ્યો જેમાં તારીખ ૭- ૫-૨૦૨૦ ના દિવસે રિપોર્ટમાં આએેનઆર ૩.૫૫ આવ્યું છે. આવી છે લેબોરેટરીઓ.... પ્રજાને ખોટા પૈસા ખર્ચા કરાવવાની રીત...! પરંતુ આ ડૉક્ટરો- નર્સો,મેડીકલ ટેકનીશીયનો એ ભૂલી જાય છે કે તેઓ ડૉક્ટરી અભ્યાસ કરે છે તેમાં તેમના ડોક્ટર બનવા પાછળ પ્રજાના પરસેવાનો પૈસો વપરાયો હોય છે...... ડોક્ટરને લોકો ભગવાનની તોલે માને છે... ત્યારે મહામારીના સમયમાં જે રીતે હોસ્પિટલો, દવાખાના બંધ કરી દીધા દર્દ ધરાવનારા લોકોને તકલીફ માં મૂકી દીધા.... અને સરકારની ચીમકી-આદેશ પછી પોતાના દવાખાના- હોસ્પિટલો ખોલીને એક નવું રૂપ બતાવ્યું છે ત્યારે લોકો હવે તમારા માટે શું કહેશે.....?આ બધી બાબતો વચ્ચે એક વીડિયો વાયરલ થયો છે જેમાં કોરોના ટેસ્ટ કરવો હોય તો જાતે જ કરી શકો છો.ડૉક્ટરશ્રી નિખીલ અંબાણીયાએ દાવો કરતા બતાવ્યું છે કે વ્યક્તિ જાતે દિવસમાં સવાર- બપોર અને સાંજે કોરોનાની અસર છે કે નહીં તે જાણવા માટે વ્યક્તિએ ઊંડો શ્વાસ લઈ ૪૦થી ૫૦ સેકન્ડ રોકી રાખવાનો છે. જો તે રોકી શક્યા તો કોરોના અસર નથી... પરંતુ શ્વાસ લીધાના ૧૦ કે ૧૫ સેકન્ડમાં ઉધરસ આવે તો ટેસ્ટ રિપોર્ટ અવશ્ય કરાવો તેમણે એ પણ કહ્યું છે કે ખાનગી રિપોર્ટ માટે ૧૦ હજાર રૂપિયા ખર્ચ થાય છે. ત્યારે સરકારને એક રિપોર્ટ પાછળ પાંચેક હજાર ખર્ચ થાય છે..... અને આ સમયે બીજી અગત્યની અને મહત્વની સારી બાબત એ બની છે કે ગુજરાતના અમદાવાદના સમરસ હોસ્ટેલ કેર સેન્ટરમા કોરોના પોઝિટીવ ધરાવતા ૨૧૩ દર્દીને રોગ પ્રતિકારક શક્તિ વધારવા કેન્દ્ર સરકારના આયુષ્ય મંત્રાલયના માર્ગદર્શન અનુસાર સારવાર કરવામાં આવી. જેમાં દર્દીને સવાર-સાંજ બે-બે ગોળી સંશમવટી, દસમૂલ ક્વાથ, પથ્યાદિ ક્વાથ ૪૦ એમ એલ,ત્રિકુટ ચૂર્ણ ૨ ગ્રામ, આયુષ્ય ૬૪ એક ગોળી દિવસમાં બે વાર, તેમજ ષષ્ટિમધુ ઘનવટી ૬ ગોળી દર બે કલાકે એક એક ચુસવાની આપી હતી... પરિણામે પુનઃ રિપોર્ટ કરાવતા ૨૦૩ પોઝિટીવ દર્દિઓના રિપોર્ટ નેગેટીવ આવ્યા.... બાકી દર્દીઓની ટ્રીટમેન્ટ વધુ સમય ચાલશે....*

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૨/૦૫/૨૦૨૦, મંગળવાર, વૈશાખ વદ-૬
સૂર્યોદય-૬-૧૦, સૂર્યાસ્ત-૭-૧૭, જૈન નવકારશી-૭-૫૪,
**આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્ર: ઉત્તરાષાઢા**

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૯-૨૬થી ચલ-લાભ-અમૃત-૧૫-૨૨ સુધી,૧૬-૦૦થી શુભ-૧૭-૨૯ સુધી,૨૦-૩૯થી લાભ-૨૨-૦૦ સુધી,૨૩-૨૨ થી શુભ-૨૪-૪૩ સુધી

**- શુભ હોરા-**
૮-૨૧ થી ૧૧-૩૮ સુધી,૧૨-૪૩ થી ૧૩-૪૯ સુધી, ૧૬-૦૦ થી ૧૯-૧૭ સુધી, ૨૦-૧૧ થી ૨૧-૦૬ સુધી

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૦૧ અને ચાંદીમાં રૂ.૨૨૯ની નરમાઈ: ક્રૂડ તેલમાં રૂ.૪નો મામૂલી સુધારો

## એલચી, સીપીઓમાં સાર્વત્રિક વૃદ્ધિ: કોટન, મેન્થા તેલ ઢીલાં: પ્રથમ સત્રમાં રૂ.૯૧૦૧.૬૫ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૯૮૧૮૪ સોદામાં રૂ.૯૧૦૧.૬૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ.૮૭૩૪.૪૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩૬૭.૨૦ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં નરમાઈનો માહોલ હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧ અને ચાંદીમાં કિલોદીઠ રૂ.૨૨૯ ઘટ્યા હતા. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝ એલચી, સીપીઓના વાયદાના ભાવમાં સાર્વત્રિક વૃદ્ધિ હતી, જ્યારે કોટન અને મેન્થા તેલ ઢીલાં હતાં.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૮૭૫૩૮ સોદાઓમાં રૂ.૫૦૨૧.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૮૦૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૮૫૦ અને નીચામાં રૂ.૪૫૫૯૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૧ ઘટીને રૂ.૪૫૭૧૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૮ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૭૧૫૫ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૫૯૫ થયા હતા, જ્યારે સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૭ ઘટીને બંધમાં રૂ.૪૫૭૦૩ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૪૩૩૪૭ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૬૩૪ અને નીચામાં રૂ.૪૨૮૫૨ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૨૯ ઘટીને રૂ.૪૩૦૬૪ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ.૨૩૯ ઘટીને રૂ.૪૩૪૨૮ અને ચાંદી-માઈક્રો જૂન રૂ.૨૧૧ ઘટીને રૂ.૪૩૫૫૦ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૮૧૨૩૬ સોદાઓમાં રૂ.૨૦૫૭.૧૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૮૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૮૮૯ અને નીચામાં રૂ.૧૮૦૫ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪ વધીને રૂ.૧૮૪૧ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧૭૯૩ સોદાઓમાં કુલ રૂ.૧૧૫.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન મે વાયદો ગાંસડીદીઠ રૂ.૧૫૭૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૮૨૦ અને નીચામાં રૂ.૧૫૫૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૦ ઘટીને રૂ.૧૫૬૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ મે કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૬૦૦ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦.૮ વધીને બંધમાં રૂ.૬૦૦.૯ ના ભાવ હતા, જ્યારે એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૧૭૧૦ ખૂલી, અંતે રૂ.૧૨.૭ વધીને રૂ.૧૭૧૦ થયો હતો. મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૧૧૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૮૧.૭ અને નીચામાં રૂ.૧૧૬૫.૧ રહી, અંતે રૂ.૧૧૬૮.૩ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૯૯૨.૫ ખૂલી, ઊપરમાં રૂ.૯૯૨.૫ અને નીચામાં રૂ.૯૮૬.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર રૂ.૯૮૯.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૨૧૮૪ સોદાઓમાં કુલ રૂ.૩૦૫૮.૮૪ કરોડ ની કીમતનાં ૬૬૮૫.૦૩૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૬૫૩૫૪ સોદાઓમાં કુલ રૂ.૧૯૬૨.૬૩ કરોડ ની કીમતનાં ૪૫૧.૭૫૨ ટન, ક્રૂડ તેલમાં ૫૪૧૧૭ સોદાઓમાં રૂ.૧૩૪૨.૦૦ કરોડનાં ૭૨૬૦૬૦૦ બેરલ્સ, કોટનમાં ૭૧૩ સોદાઓમાં રૂ.૩૮.૪૪ કરોડનાં ૨૪૪૫૦ ગાંસડી, સીપીઓમાં ૧૦૪૮ સોદાઓમાં રૂ.૭૫.૯૫ કરોડનાં ૧૨૮૫૦ ટન, એલચીમાં ૨ સોદાઓમાં રૂ.૩.૨૨ લાખનાં ૦.૨ ટન, મેન્થા તેલમાં ૧૮ સોદાઓમાં રૂ.૯૪.૬૯ લાખનાં ૮.૨૮ ટન, કપાસમાં ૧૨ સોદાઓમાં રૂ.૨૩.૭૫ લાખનાં ૪૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૯૧૨.૨૬ કિલો, ચાંદીના વાયદાઓમાં ૨૬૫.૯૧૩ ટન, ક્રૂડ તેલમાં ૮૬૦૩ બેરલ્સ, કોટનમાં ૧૨૯૫૦૦ ગાંસડી, સીપીઓમાં ૫૬૪૪૦ ટન, એલચીમાં ૦.૫ ટન, મેન્થા તેલમાં ૩૦.૨૪ ટન અને કપાસમાં ૨૮ ટનના સ્તરે રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ.૩૬૭.૨૦ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૪.૬૫ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૩૧.૫૩ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૬૮.૪૭ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨૧ ખૂલી, ઊપરમાં રૂ.૬૨૧ અને નીચામાં રૂ.૪૫૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૦૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૪૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૫ અને નીચામાં રૂ.૧૦૫.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫૨.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૧૬૬૧.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૬૬૮ અને નીચામાં રૂ.૧૫૧૮.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫૯૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૧૪૮૫.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૪૯ અને નીચામાં રૂ.૧૪૧૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪૯૨.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૧૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૨૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૩૮ અને નીચામાં રૂ.૯૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૧.૭ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૧૮૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૨૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૩૯.૯ અને નીચામાં રૂ.૧૦૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૮.૭ બંધ રહ્યો હતો.

### સ્વાસ્થ્ય મંત્રાલયે નવી હોમ આઈસોલેશન ગાઈડલાઈન જાહેર કરી

# ૧૦ દિવસથી તાવ ન આવે તો ૧૭ દિવસ પછી આઈસોલેશન ખતમ કરી શકાશે

*ન્યુ દિલ્હી,તા.૧૧*

સ્વાસ્થય વિભાગે કોરોનાના ખૂબ સામાન્ય લક્ષણ અથવા પ્રી સિમ્પોમેટિક દર્દીઓ માટે હોઈ આઈસોલેશનની ગાઈડલાઈનમાં ફેરફાર કર્યા છે. હોમ આઈસોલેશન વાળા દર્દીઓ શરૂઆતના લક્ષણ દેખાયાના ૧૭ દિવસ પછી આઈસોલેશન ખતમ કરી શકે છે. પ્રી-સિમ્પટોમેટિક કેસમાં સેમ્પલિંગના દિવસથી ૧૭ દિવસ ગણવામાં આવશે. બંને કેસમાં એવી શરત રાખવામાં આવશે કે ૧૦ દિવસથી તાવ ન આવ્યો હોય.

સ્વાસ્થય મંત્રાલયે હોમ આઈસોલેશન વાળા દર્દીઓ અને તેમની સારવાર કરતાં લોકો માટે પણ નિર્દેશ જાહેર કર્યા છે. બંનએ ત્રિપલ લેયર માસ્ક પહેરવું જરૂરી છે.



**દર્દીઓ માટેના ૧૦ નિર્દેશ**

૧) દરકે સમયે ત્રિપલ લેયર વાળુ મેડિકલ માસ્ક પહેરવું પડશે. દર ૮ કલાકે તેને બદલવું પડશે. જો માસ્ક ભીનુ અથવા ગંદુ થઈ જાય તો તેને તુરંત બદલવું પડશે.

૨) માસ્કનો ઉપયોગ કર્યા પછી તેને જિસ્કાર્ડ કરતાં પહેલાં ૧ ટકા સોડિયમ હાઈપો-ક્લોરાઈડથી ડિસઈન્ફેક્ટેડ કરવું પડશે.

૩) દર્દીએ તેના રૂમમાં જ રહેવું પડશે, ઘરના અન્ય સભ્યોના સંપર્કમાં આવવાનું નથી.

૪) દર્દીએ સતત આરામ કરવો જોઈએ અને બહુ જ વધારે પાણી અથવા પ્રવાહી વસ્તુઓ લેવી જોઈએ.

૫) શ્વાસની સ્થિતિ પર નજર રાખવા માટે જે આદેશ આપવામાં આવ્યા હશે તે માનવા પડશે.

૬) સાબુ-પાણી અથવા આલ્કોહોલવાળા સેનિટાઈઝરથી ઓછામાં ઓછા ૪૦ સેકન્ડ સુધી હાથ સાફ કરતા રહેવું જોઈએ.

૭) પર્સનલ વસ્તુઓ બીજા સાથે શેર ન કરવી.

૮) રૂમમાં જે વસ્તુઓને વારંવાર અડવું પડે એવું હોય જેમકે ટેબલટોપ, દરવાજાની સ્ટોપર, હેન્ડલ તેને ૧ ટકા હાઈપો-ક્લોરાઈડ સોલ્યુશનથી સાફ કરવી જોઈએ.

૯) દર્દીએ ડોક્ટરના આદેશ અને દવાઓ સાથે જોડાયેલી સલાહ માનવી પડશે.

૧૦) દર્દી પોતાની સ્થિતિને જાતે મોનિટર કરશે. રોજ શરીરનું તાપમાન માનશે, જો સ્થિતિ ખરાબ થતી લાગે તો તુરંત જાણ કરવી પડશે.

**દર્દીની સારવાર રાખનાર વ્યક્તિ માટેની ગાઈડલાઈન**

દર્દીના રૂમમાં જતી વખતે ત્રિપલ લેયરવાળું મેડિકલ માસ્ક પહેરવું પડશે. માસ્કનો ઉપયોગ કરતી વખતે તેની બહારના હિસ્સાને ન અડવું. જો માસ્ક ભીનું અથવા ગંદુ થઈ જાય તો તેને તુરંત બદલી દેવું જોઈએ. ઉપયોગ કર્યા પછી માસ્કને ડિસ્કાર્ડ કરવું અથવા હાથને સારી રીતે સાફ કરવા.

સારવાર કરનાર વ્યક્તિએ તેના ચહેરા, નાક અથવા મોઢાને ન અડવું જોઈએ.

દર્દી અથવા તેના રૂમના સંપર્કમાં આવ્યા પછી હાથ સારી રીતે ધોવા જોઈએ.

જમવાનું બનાવતા પહેલા અને પછી, જમતા પહેલાં, ટોયલેટ ગયા પછી અને તે સિવાય પણ હાથ જયારે ગંદા લાગે ત્યારે ધોવા જોઈએ. હાથને સાબુ અને પાણીથી સતત ૪૦ સેકન્ડ સુધી ધોવા. હાથમાં ધૂળ ન લાગી હોય તો સેનિટાઈઝરનો ઉપયોગ પણ કરી શકાય છે.

સાબુ-પાણીથી હાથ ધોયા પછી તેને ડિસ્પોઝેબલ પેપર નેપકીનથી લુછવા જોઈએ. પેપર નેપકીન ન હોય તો ચોખ્ખા રૂમાલનો ઉપયોગ કરવો જોઈએ.

## દિલ્હી સરકાર કન્સ્ટ્રક્શન મજૂરોના ખાતામાં ૫ હજાર રૂપિયા જમા કરાવશે

*ન્યુ દિલ્હી,તા.૧૧*

દેશમાં કોરોના વાયરસના કારણે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. જેના કારણે વેપાર ઉદ્યોગ બંધ છે. આ દરમિયાન મજૂરોને સૌથી વધુ નુકસાન થયું છે. લોકડાઉનમાં કામ મળતું બંધ થઈ જવાના કારણે મજૂરોની હાલત કફોડી બની છે.

આ દરમિયાન દિલ્હી સરકારે કન્સ્ટ્રકશન મજૂરોને ૫૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. દિલ્હીના લેબર મિનિસ્ટર ગોપાલ રાયે કહ્યું, ×ગત મહિને દિલ્હી સરકારે નોંધાયેલા કન્સ્ટ્રક્સન વર્કર્સના ખાતામાં ૫૦૦૦ રૂપિયા જમા કરાવ્યા હતા. લોકડાઉન લંબાવવામાં આવ્યું હોવાથી સરકારે આ મહિને પણ તેમના ખાતામાં ૫૦૦૦ રૂપિયા જમા કરીને મદદરૂપ થવાનો નિર્ણય લીધો છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું હાલ પણ પ્રવાસી મજૂરો મજબૂરીમાં દિલ્હી છોડીને જવાની કોશિશ કરી રહ્યા છે. આ લોકો પગપાળા જઈ રહ્યા છે. ભૂખ્યા પેટે ઘણા કિલોમીટર સુધી ચાલે છે જે યોગ્ય નથી. તેમણે કહ્યું, મારૂ દિલ્હીમા પ્રવાસી મજૂરોને નિવેદન છે કે અમે તમારા માટે જમવાની સગવડતા કરી છે, છતા પણ તમે વતન જવા માંગો છો તો તેના માટે અમે કેંદ્ર સરકાર અને રાજય સરકાર પાસે ટ્રેનને લઈને વાત કરી રહ્યા છીએ.

## ન્યૂયોર્કમાં રહસ્યમય બીમારીથી ત્રણ બાળકોના મોત: ૧૦૦થી વધુ કેસ



*ન્યૂયોર્ક,તા.૧૧*

અમેરિકાના ન્યૂયોર્કમાં એક રહસ્યમય બીમારીથી ત્રણ બાળકોના મોત નીપજ્યાં છે. અહીં આ બીમારીના ૭૩ કેસ સામે આવ્યા છે. ૭ રાજ્યોમાં અત્યાર સુધી ૧૦૦ કેસ નોંધાયા છે. આ બીમારીથી પીડાતા બાળકોની ઉંમર ૨થી ૧૫ વર્ષની છે. તેની જાણકારી ગવર્નર એન્ડ્રુ ક્યુમોએ આપી છે. તેમણા જણાવ્યા પ્રમાણે, રહસ્યમય બીમારીવાળા મોટાભાગના બાળકોમાં શ્વાસ સંબંધી લક્ષણો નથી દેખાતા. જે બાળકોના મોત થયા છે, તેમનામાં પણ લક્ષણો નથી દેખાયા.

બીમારીનું કારણ જાણવા માટે ન્યૂયોર્ક જીનોમ સેન્ટર અને રોકફેલર યુનિવર્સિટી સાથે મળીને રિસર્ચ કરી રહ્યા છે. અત્યાર સુધી માતા-પિતા, હેલ્થ એક્સપર્ટ એવું વિચારીને રાહત અનુભવી રહ્યા હતા કે, કોરોનાથી બાળકોના મોત વધારે નથી થતા. પરંતુ હવે તેમને સાવચેત રહેવું પડશે. જે સમયે ક્યુમો મીડિયાને નવી બીમારીથી મૃત્યુ વિશેની જાણકારી આપી રહ્યા હતા, ત્યારે ન્યૂયોર્કમાં કોરોનાથી ૧૦ બાળકોના મોતનાં સમાચાર આવ્યા હતા. સ્વાસ્થ્ય વિભાગ તપાસ કરી રહ્યું છે કે આ બાળકોનું મોત રહસ્યમય બીમારીથી તો નથી થયું ને.યુરોપિયન દેશોમાં બ્રિટેન, ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ અને ઈટાલીમાં પણ આ રહસ્મય બીમારીના લગભગ ૫૦ કેસ સામે આવ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વૈજ્ઞાનિક ડો.મારિયા વૈન કેરખોવે તેની પુષ્ટિ કરી છે. તેમણા જણાવ્યા પ્રમાણે, યુરોપિયન દેશોમાં આ રોગના લક્ષણો બાળપણમાં થતી બીમારી કાવાસાકીના લક્ષણો જેવા જ છે.

### કોરોના સંક્રમિતોનો આંકડો ૧૩.૬૭ લાખથી વધુ

# અમેરિકામાં ૨૪ કલાકમાં ૭૫૦ના મોત: કુલ મૃત્યુઆંક ૮૦,૭૦૦ને પાર

*ન્યૂયોર્ક,તા.૧૧*

અમેરિકામાં આશરે પાંચ સપ્તાહ બાદ એક દિવસમાં કોરોનાથી સંક્રમિત થનારા નવા મામલા અને મોતનો આંકડો ઘટ્યો છે. અમેરિકામાં ૨૦,૩૨૯ નવા કેસ સામે આવ્યા અને ૭૫૦ કોરોના પીડિતોના મોત થયા હતા. જયારે એક દિવસ પહેલા ૨૫,૫૨૪ નવા કેસ આવ્યા હતા અને ૧,૪૨૨ લોકોના મોત થયા હતા. સમગ્ર વિશ્વના એક તૃતીયાંશ કોરોના દર્દી અમેરિકાના છે.

વર્લ્ડોમીટર પ્રમાણે અમેરિકામાં કોરોના વાયરસના દર્દીની સંખ્યા સોમવારે સવારે વધીને ૧૩ લાખ ૬૭ હજાર ૬૩૮ થઈ છે. જયારે ૮૦,૭૮૭ લોકોના મોત થયા છે. જોકે બે લાખ ૫૬ હજાર લોકો સાજા થઈ ગયા છે. ન્યૂયોર્કમાં સૌથી વધારે ૩,૪૫,૪૦૬ કેસ સામે આવ્યા છે. માત્ર ન્યૂયોર્કમાં ૨૬,૮૧૨ લોકો માર્યા ગયા હતા. ન્યૂજર્સીમાં ૧,૪૦,૦૦૮ કોરોના દર્દીમાંથી ૯૨૬૪ લોકોના મોત થયા છે. આ ઉપરાંત મેસાચુસેટ્સ, ઈલિનોયસ પણ સૌથી વધારે પ્રભાવિત થયા છે.

આંકડા પ્રમાણે અમેરિકાના વૃદ્ધાશ્રમો તથા વૃદ્ધોની દેખરેખ રાખતી સંસ્થાઓમાં ઓછામાં ઓછા ૨૫,૬૦૦ વૃદ્ધ અને કર્મચારીની કોવિડ-૧૯થી મોત થયા છે.

વૃદ્ધાશ્રમમાં મોતના મામલાની સંખ્યા અમેરિકામાં એક તૃતીયાંશ અને સંક્રમિત મામલાનો દર દેશના ૧૦ ટકા જેટલો છે. રિપોરર્ટ પ્રમાણે રિપબ્લિકન પાર્ટીના ટ્રમ્પ હંમેશા વડીલોના મત પર નિર્ભર રહે છે, જ્યારે ડેમોક્રેટિક પાર્ટી યુવા મતદારોમાં લોકપ્રિય છે.

## બ્રિટનમાં મૃત્યુઆંક ૩૧,૮૦૦ને પાર: લૉકડાઉન ૧ જૂન સુધી લંબાવાયુ

બ્રિટીશ વડાપ્રધાન બોરિસ જહોન્સને પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ૧ જૂન સુધી દેશમાં કેટલીક છૂટછાટો સાથે લોકડાઉન વધારવામાં આવશે. તો ૧ જુલાઈ સુધી કેટલાક સ્થળો ખોલવામાં આવશે તેમ પણ જણાવ્યું છે.

દેશને સંબોધન કરતી વખતે તેમણે કોરોના સામે લડવા અંગે નવી ચેતવણી પ્રણાલીની જાહેરાત કરી હતી. જેના વડે બ્રિટનની સરકાર કોરોનાના સંક્રમણ પર નજર રાખશે, જેને આર રેટ કહેવામાં આવે છે. દેશમાં કોરોના વાઈરસથી ૨,૧૯,૧૮૩ લોકો સંક્રમિત છે. ઉપરાંત ૩૧,૮૫૫ લોકો મૃત્યુ પામ્યા છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર સાપ્તાહિક સાહિત્ય સ્પર્ધા અહેવાલ:જીજ્ઞા કપુરિયા

"મા "શબ્દ જ વિરલ છે...
તમારી જીવનનૈયાની સુકાની જ"મા" છે,
જીવનની અનમોલ અદ્વિતીય મૂડી જ"મા"છે,
ત્યાગ, વાત્સલ્ય અને માધુર્યનું સંગમ જ "મા" છે
તમારું સૌથી મોટું રક્ષા કવચ જ "મા"છે.
કારણ....
"મા"શબ્દજ વિરલ છે.....
"મા"ની બધી દુવાઓ કબુલ જ છે.
"મા" મમતાનું અવિરત રૂપ છે,
આજ તું જીવનનાં તાણાવાણામાં અટવાયો છે,
મૃગજળરુપી દુનિયામાં
દોડી રહ્યો છે.
શાંતિ આ ધરા પર ક્યાં શોધે?
"નિયતી"જનનીને ખોળે
એ અમુલ્ય મુડી છે....
કારણ...
"મા" શબ્દ જ વિરલ છે....
(જીજ્ઞા કપુરિયા નિયતી)



આખોને રાતપાળી હતી
અમાસની કાળી રાતને અજવાળી હતી,
અમે કોડીયામાં પૂરી જાત બાળી હતી.

ને મારા હૈયામાં રોજ સળગતી હોળી,
મુબારક તમારા શહેરમાં દિવાળી હતી.


શરાબ નથી આંખો લાલ હોવાનુ કારણ,
કોઈની યાદમાં આંખોને રાતપાળી હતી.

ખબર હતી બેશક એ રડવાના ચિત્ર જોઈ,
રંગ ખુટતા પીંછી રુધિર માં પલાળી હતી.

એમ જ ઉછરી મોટી થઈ નથી આ વેદના,
મા જેમ ખોળામાં લઈ હેતથી પંપાળી હતી.
પ્રણવ ઝાંખર 'ક્રિષ્ના'



## ન્યુઝ ઓફ ગાંધીનગર બાળવિભાગ (ગદ્ય) પરિણામ:અહેવાલ : જીજ્ઞા કપુરીયા




વિભાગ, બાળવિભાગ (ગદ્ય)
શીર્ષક, બાળવાર્તા.
" હાથી અને કીડી."

એક હતાં હાથીભાઈ. શરીરે જેવા કદાવર,સ્વભાવે એટલાજ શાંત.રોજ સવારે ચારો ચરવા માટે,પોતાના રહેઠાણથી દૂર નદી કિનારે જતાં.રસ્તામાં જંગલ હોવાથી, ઘણા બધા જીવ જંતુઓ,પ્રાણીઓ મળે. બધાંના વાવડ પૂછતા આગળ વધે.

ઘટાદાર વડના થડમાં કીડીઓ રહે.તેમાં એક ખૂબ સમજુ કીડી રહે.તે ઘણા સમયથી હાથીભાઈને જોયા કરતી,અને મનોમન કંઇક વિચારતી.કીડી પોતાના પરિવારને કહેતી ! આ કદાવર હાથીભાઈ કેટલાં કોમળ હ્દર્યના છે.તે ચાલતાં ચાલતાં પણ આપણું અને જંગલના અન્ય પ્રાણીઓનું ધ્યાન, ન રાખતાં હોત તો શું થાત ? હાથીભાઈ પાસેથી ઘણું શીખવા જેવું છે.

આમજ ઘણો સમય પસાર થઈ ગયો.એક દિવસ સાંજના સમયે પાછા ફરતા, હાથીભાઈના પગમાં કાંટો વાગ્યો.કાંટો પાગમા ઊંડો ઉતરી ગયો.કાંટાને કારણે હાથીભાઈ ચાલી શકતા નથી.દિવસે દિવસે એમની તબિયત બગડતી જતી હતી. હાથીભાઇને ત્રણ ચાર દિવસોથી ન જોવાને કારણે,વન્ય પ્રાણીઓની સાથે કીડીને પણ ચિંતા થવા લાગી.તે પોતાના પરિવારની સાથે હાથીભાઈની ખબર પૂછવા એમના ઘરે જાય છે.ત્યાં જઈ જુએ છે તો, હાથીભાઈ ખૂબ બીમાર,અશક્ત હાલતમાં પડ્યા છે!

આ જોઈ કિડીબેનને ખૂબ દુઃખ થાય છે.હાથીભાઈના પગ સામે જોતા જ બધું સમજી જાય છે.અન્ય કીડીઓને જંગલમાંથી વનસ્પતિના પાંદડા લેવા મોકલે છે.અને પોતે હાથીભાઈની સેવામાં લાગી જાય છે.જંગલમાં કીડીઓને દોડમ દોડ કરતી જોઈ અન્ય પ્રાણીઓ પંખીઓ પૂછવા લાગ્યા શું થયું છે ? જંગલમાં કોણ બીમાર છે ? કીડીઓની સાથે, બધાંજ આવ્યા હાથીભાઇની ઘરે એમને મદદ કરવા.કોઈ હાથીભાઈની સાફસફાઈ કરે છે, તો કોઈ એમના માટે ફળો અને ચારો લઈ આવે છે.કોઈ પાણી લઈ આવે છે. શિયાળ વરુ પણ દોડી આવ્યાં.પોતાની બુદ્ધિ અને શકિતનો ઉપયોગ કરી, હાથીભાઈના પગમાંથી ખીલ્લી કાઢે છે.કીડીબેન હાથીભાઇના ઘાવ પર,વનસ્પતિના પાંદડાનો રસ લગાવી, પાટો બાધે છે. બધાંજ જંગલના પ્રાણીઓ, પંખીઓ અને કીડીઓ થોડા દિવસો માટે હાથીભાઈ પાસે રહ્યાં. બધાંના પ્રયત્નોથી હાથીભાઈ તો થોડાજ દિવસોમાં,સ્વસ્થ થઈ ગયા.હાથીભાઈ બધાં પ્રાણીઓનો આભાર માને છે.અને કીડી બેનની સમજદારીના વખાણ કરે છે.

હાથીભાઈ સાજા થઇ જવાની ખુશીમાં વન્ય પ્રાણીઓ,પંખીઓ,અને જીવ જંતુઓએ વનમહોત્સવ મનાવ્યો.હંમેશા સાથે રહેશું અને એકબીજાને મુશ્કેલીના સમયમાં મદદ કરશું.એવું પ્રણ લીધું.

હેમલતા ટી. દિવેચા જૂનાગઢ..

--------------

શીર્ષક : ચકુડી

શકરીબેન ને બે છોકરા દસ વર્ષનો ભોલુંને સાત વર્ષની ચકુડી. ભોલું ભણવામાં હોંશિયાર.ચકુડી જન્મથી મૂંગી. સાંભળી શકે બોલી ના શકે.રંગે પણ શામળી. ભોલુ ને બેન તરફ ચીડ હતી. હંમેશા એને ધમકાવતો. ચકુડીને ભઇલો બહુ વહાલો. ચકુડી ને શાળામાં મુકેલી. થોડું ઘણું વાંચતા લખતા આવડે.

એકવાર ભોલુ તાવમાં પટકાયો . ચકુડી ભઈલાના પલંગ નીચે બેસી રહી. મા દીવો કરે ત્યાં જઈ સ્લેટમાં લખ્યું, " ભગવાન મારા ભઈલા ને ઝટ સારો કરી દો. ચોકલેટ આપીશ" ને રડતી આંખે ઊંઘી ગઈ.

ભોલુ એ સ્લેટ માં વાંચ્યું. બેનને માથે હાથ ફેરવ્યો. ચકુડી ઊઠી ગઈ.

ભોલુ બોલ્યો," ચકુ , કાલે રક્ષા બંધન છે..ચાલ રાખડી લેવા જઈએ.

રીટા મેકવાન "પલ" સુરત..

# ભારત કૃષિ પ્રધાન દેશ હોવાથી દેશના સર્વાંગી વિકાસનો આધાર ખેતી ક્ષેત્રના વિકાસ ઉપર નિર્ધારિત



વિજ્ઞાન યુગમાં પણ આજે આદિવાસી સમાજમાં પણ પશુધનને મહત્વ આપવામાં આવે છે બળદ પાડા ખેતરમાં ખેતીમાં ઉપયોગ લેવામાં આવે છે. ખેતીમાં હળ ચલાવતા પહેલા બળદ ને તાલીમ આપવામાં આવી રહી છે.સ્પષ્ટ બાબત છે. ખેતી અને પાણી એકબીજા સાથે સંકળાયેલા છે. એટલેજ મનુષ્યે પોતાની સંસ્કૃતિઓને નદીઓને કિનારે વિકસાવી. તે ભારતીય સંસ્કૃતિ હોય કે મેસોપોટેમિયાની, ચીની સંસ્કૃતિ હોય કે મિસરની, યુરોપીયન સંસ્કૃતિ હોય કે આફ્રિકન. તેનું મુખ્ય કારણ પાણી હતું. જળ વિનાના જીવનની કલ્પના ઝાંઝવાના નીર સમાન જ કહેવાય. દુનિયાના વિકસિત અને અલ્પવિકસિત સૌરાષ્ટ્રોએ કૃષિના મહત્વને જાણી પોતપોતાની ખેતીને વિકસાવવાના પ્રયત્ન કર્યા. ભારત વૈદિક યુગથી અસી, મસી અને કૃષિનો સંદેશ આપતું રહયું છે. તે ઋષિ અને કૃષિ સંસ્કૃતિનો સમન્વય અને સંમિશ્રણ ધરાવતો દેશ છે. વૈદિક યુગનો વાસ્તવવાદી ઋષિ અનેક વિધાઓની સાથે પોતાના શિષ્યોને કૃષિનું શિક્ષણ પણ આપતો હતો. અલબત્ત પ્રાચીન કાળથી આપણી સંસ્કૃતિ કૃષિ સાથે દ્રઢપણે જોડાયેલી રહી છે. કૃષિધન, પશુધન અને જ્ઞાનધન આપણી મૂળભૂત તાકાત રહી છે. આપણી તાકાત અને આપણાં સાધનોને ઓળખીને આપણી પરંપરાગત નિપૂણતા કૌશલયને આધુનિક વિજ્ઞાન સાથે જોડીને આપણે કૃષિ શકિત અને ઋષિ શકિતનાસમન્વયથી રાષ્ટ્રને મજબૂત બનાવવું તે આપણ સૌનું ઉતરદાયિત્વ છે. પ્રાચીન ઋષિ વિદાય લેતા વિધાર્થીને કહે છે કે×ભૃત્યૈ : ન પ્રર્માદતવ્યમ×-× ધન કમાવામાં પ્રમાદ ન કરીશ અર્થાત ઐશ્રવર્ય મેળવજે. અન્ન વહુકુર્વીતતદવ્રતમ અન્નના ઢગલા ઉત્પન્ન કરજે.આવાં વ્રતો રાષ્ટ્ર અને સમાજની સમૃદ્ધિ માટે અપાયાં છે. ઋષિ સંસ્કૃતિની આ ઉત્તમોતમ વ્યવસ્થા સાધુ યુગની શરૂઆતની સાથે જ પલાયનવાદમાં ફેરવાઈ. તેમાં કૃષિ પણ કયાંથી બાકત હોય ?

આજે પણ વિજ્ઞાન ગમે તેટલી હરણફાળ ભરે પણ દક્ષિણ ગુજરાતમાં આદિવાસી સમાજમાં વર્ષોથી હજુ બળદ પાડા ખેતી કરવામાં હળ નો ઉપયોગ કરવામાં આવે છે.

### વડોદરાની હાઈસ્પીડ રેલવે ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટમાં આઈસોલેશનમાં દાખલ

# જય પટણી એક પણ વાર લક્ષણ દેખાયું ન હોવા છતાં સાત વાર કોરોના પોઝિટિવ

વડોદરાની હાઈસ્પીડ રેલવે ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટમાં આઈસોલેશનમાં દાખલ ૧૯ વર્ષનો યુવક જય પટણી એક પણ વાર લક્ષણ દેખાયું ન હોવા છતાં સાત વાર કોરોના પોઝિટિવ થયો છે.

જય પટણી તેના માતાપિતા સાથે ગત ૧૨મી એપ્રિલે કોરોના પોઝિટિવ ટેસ્ટ થયો હતો. નાગરવાડા વડોદરાના સંક્રમિત વિસ્તારોમાં સૌથી મોટું એપી સેન્ટર રહ્યું અહીંયાથી કોરોના વાયરસનું મોટું સંક્રમણ પકડાયું હતું.

જય પટણીએ જણાવ્યું હતુ કે 'મને કફ, થાક, માથાનો દુઃખાવો અને કોઈ પણ સમસ્યા નથી. છેલ્લા એક મહિનાથી હું અહીંયા આઈસોલેશમાં છું અને ટાઈમ પાસ કરી રહ્યો છું.

જય પટણીને હજુ સુધી કોઈ પણ તબીબે જણાવ્યું નથી કે તે શા માટે સાત સાત વાર પોઝિટિવ ટેસ્ટમાં સપડાયો છે. જોકે, આરટીપીસીઆર ટેસ્ટ જાણકારોના મતે મૃત વાયરસને પણ ઝડપી પાડે છે તેના કારણે પટણી સાત વાર પોઝિટિવ આવ્યો હોય તેવી વકી છે. જોકે, અત્યારે તો તે અદૃશ્ય સંક્રમણની વચ્ચે ઘરવાપસીની અમર આશાએ બેઠો છે..

WHOના ડેવિડ નાબરોએ ચેતવ્યા, આવતા ૨ વર્ષ સુધી કોરોનાની વેક્સીન મળવી મુશ્કેલડેવિડે કહ્યું કે મને બિલકુલ આશા નથી કે બે વર્ષ પહેલા કોરોના વાયરસની કોઈ વેક્સીન આવે.

# ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ શું છે?

કોરોના વાયરસે વિશ્વને ભરડામાં લીધું છે. જે દેશોમાં લોકડાઉન છે ત્યાં અર્થતંત્ર ભાંગી ગયું છે. લોકડાઉનની કોઈ પૂર્વતૈયારી ન હતી; એના કારણે ગરીબ/વંચિત/શ્રમિકોની દયનીય હાલત થઈ ગઈ. ભારતમાં કોરોના વાયરસ કરતા ભૂખથી વધુ લોકો મરી રહ્યા છે. આપણી પાસે આવી વિપદા/કટોકટીને પહોંચી વળવા માટે કાયદો છે; ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫. આ કાયદા પાછળ તે વખતના PM ડો. મનમોહનસિંઘની દ્રષ્ટિ હતી. ૨૪ માર્ચ, ૨૦૨૦ના રોજ, PMએ, આ કાયદાની જોગવાઈ હેઠળ દેશમાં પ્રથમ વખત લોકડાઉનની ઘોષણા કરી. આ એક્ટમાં 'નેશનલ મેનેજમેન્ટ ઓથોરિટી'ની જોગવાઈ છે; તેના અધ્યક્ષ PM છે અને બીજા ૯ સભ્યોની નિયુક્તિ કરવામાં આવે છે. આ ઓથોરિટીને બધી સત્તા છે. આ કાયદો બીજા બધા કાયદાઓની ઉપરવટ છે. આ કાયદા હેઠળના આદેશોનો અમલ ન કરવામાં આવે તો એક વરસની કેદ/દંડની સજા અને બીજું નુકશાન કરેલ હોય તો બે વરસની કેદ/દંડની સજા થાય. ડોક્ટર/પોલીસ/અન્ય કર્મચારી ફરજ છોડીને જતા રહે તો એક વરસની કેદ/દંડ થાય. COVID -19 ને રોકવા માટે સોશિયલ ડિસ્ટેન્સિંગ એટલેકે ફિઝિકલ ડિસ્ટેન્સિંગ માટેના ઉપાયો અસરકારક રીતે અમલમાં મૂકી શકાય તે માટે લોકડાઉનનો અમલ કરાવ્યો છે.

આ કાયદાનો હેતુ કુદરતી કે માનવસર્જિત વિપદાઓ વેળાએ વ્યવસ્થા/મેનેજમેન્ટ જાળવવાનો છે. દેશ/રાજ્ય/જિલ્લા કક્ષાએ મેનેજમેન્ટ ઓથોરિટીની રચના થયેલ છે. આ ઓથોરિટીને એ સત્તા છે કે જરુર પડે તો કોઈપણ સાધનો/વાહનો/મકાનો પોતાને હસ્તક લઈ શકે છે. આ કાયદો હોવા છતાં કોરોના મહામારીની સ્થિતિમાં અવ્યવસ્થા કેમ સર્જાઈ? શ્રમિકો ઉપર મુસીબતોનું આકાશ કેમ તૂટી પડ્યું? કાયદો છે; ઓથોરિટી છે; પરંતુ અમલમાં નિષ્ઠા ન હોય તો ગમે તેવો સારો કાયદો મદદ કરતો નથી. કાયદાની જોગવાઈઓનો અમલ ખુદ સરકાર ન કરે તો કોને ફરિયાદ કરવી?કોરોના સંકટ કરતા 'નમસ્તે ટ્રમ્પ' અને મધ્યપ્રદેશના ધારાસભ્યોની ખરીદી કરીને સરકાર ઉથલાવવાની પ્રાયોરિટી હતી; એટલે પૂર્વ આયોજન થઈ શક્યું નહીં. આ કાયદા ની કલમ-૪૦ હેઠળ 'નેશનલ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફંડ'ની જોગવાઈ છે; તેમાં પાર્લામેન્ટ તથા ઇન્ડસ્ટ્રીઝના લોકો તરફથી જે ફંડ મળે તે જમા કરવાનું હોય છે; તેને બદલે આ કાયદામાં જોગવાઈ નથી તેવા ँર કેર ફંડ'ની રચના કરી ! કલમ-૪૭ હેઠળ 'નેશનલ મિટિગેન ફંડ'ની જોગવાઈ છે; જે હેઠળ શ્રમિકો/બેરોજગારો/અસરગ્રસ્તોને મદદ કરવાની હોય છે. તેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો હોવો જોઈએ. મિટિગેશન ફંડમાં નાણા અપૂરતા છે. કલમ-૧૦ હેઠળની સચિવ કક્ષાની નેશનલ એક્ઝિક્યુટિવ કમિટીને મિટિગેશન ફંડને ફાળવવાની સત્તા છે. આપદાને/વિપદાને પહોંચી વળવા માટે કલમ-૧૧ હેઠળ 'નેશનલ પ્લાન' તૈયાર કરવાનો હોય છે; જે હજુ સુધી બન્યો નથી. કલમ-૧૨ હેઠળ વિપદાથી જે પીડિત છે તેમને મદદ/સહાય/ફૂડ/શેલ્ટર/પીવાનું પાણી/સેનિટેશન અંગે મિનિમમ સ્ટાન્ડર્ડ નક્કી કરવાનું ઠરાવ્યું છે. વિધવાઓ/નિરાશ્રિતો માટેની જોગવાઈ કરવાનું ઠરાવ્યું છે. જેના જીવ ગયા છે; એમના વારસદારોને કેટલું વળતર આપવું તે નક્કી કરવાનું છે. અસરગ્રસ્તોને લોન/રીલોન/સહાયના ધોરણો નક્કી કરવાના છે. લોકડાઉનને ૫૦ દિવસ પૂરા થયા; હજુ સુધી 'નેશનલ પ્લાન' તૈયાર થઈ શક્યો નથી! કોરોના મહામારીના આ ઐતિહાસિક સંકટ વેળાએ બધા પક્ષોની 'નેશનલ ગવર્નમેન્ટ'ની રચના કરવા સુપ્રિમકોર્ટના પૂર્વ જજે વિનંતિ કરી છે. કદાચ એ શક્ય ન બને; પરંતુ PM કે તેમના પ્રતિનિધિ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ કઈ કઈ કાર્યવાહી કરી અને કઈ કઈ કાર્યવાહી કરવા માંગે છે; તે અંગે દેશના નાગરિકોને માહિતગાર તો કરી જ શકે ! વિચારો; પીડિતો/અસરગ્રસ્તો/શ્રમિકો માટે 'નેશનલ પ્લાન' તૈયાર કરી તેને અમલમાં મૂકવાની જરુરિયાત છે કે તાળી/થાળી/દીવા/ફૂલવર્ષાની?

રમેશ સવાણી

# આરોગ્ય વિભાગને અર્પણ!! ૪૩ ડીગ્રી ગરમીમાં વીજળી વગર ચાલે છે રાંધેજાનુ PHC કેન્દ્ર!

*ગાંધીનગર,તા.૧૧*

આ પેટા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાંઈ કચ્છના કોઇ દૂર અંતરિયાળ વિસ્તારમાં નથી. જ્યાંથી સરકાર ચાલે છે તે ગાંધીનગરથી સહેજ દૂર રાંધેજા ખાતે આવેલું છે. હાલમાં ૪૩ ડિગ્રી ગરમીનો પારો ચાલી રહ્યો છે. બહાર નિકળિયે તો શેકિ જાય એવી ગરમી છતાં આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-પીએચસી-માં વીજળીની સુવિધા નથી. કોરણ......જીઈબીવાળા મીટર કાઢીને લઇ ગયા છે....!! પંખો છે પણ લાઈટ નથી. અને આ પીએચસી કેન્દ્રની બિલ્ડીંગ એટલી જર્જરિત અવસ્થામાં છે કે અદંર ધાબામાંથી ગમે ત્યારે પોપડા માથા ઉપર પડે....!! ધાબાના સળિયા દેખાય છે. વોટર કૂલર છે પણ વીજળી જ નથી, તો પાણી ક્યાંથી કૂલ કૂલ થાય....!

રાંધેજા પ્રાથમિક કેન્દ્ર નજીકના રૂપાલ કેન્દ્ર સાથે જોડાયેલું છે. આખી ઈમારત ખંડેર જેવી લાગે. ઠેરઠેર પોપડા ઉખડી ગયેલી છત છે. ટોઈલેટ-ઈજ્જિત ઘર-એવા છે કે જે જોઇને આરોગ્ય વિભાગની ઈજ્જિતને ચાર ચાંદ લાગી જાય...! ચારેકોર ગંદગી, બદબૂ, કચરાના ઢગલા, તૂટેલી ફૂટેલી પ્લાસ્ટિકની ડોલ અને સાફસપાઈના તો કોઇ ઠેકાણા જ નથી. આ કેન્દ્ર અંગે સ્થાનિકો કહે છે કે આવી ખરાબમાં ખરાબ પરિસ્થિતમાં પણ કોઇ વાઘેલા નામના કર્મચારી ૪૩ ડીગ્રી ગરમીમાં પંખા વગર કામ કરવા મજબૂર છે.

આ પેટા કેન્દ્ર સાથે ૧૦ જેટલી આશા વર્કરો અને અન્ય સ્ટાફ જોડાયેલો છે. ગામમાં ટીબીના દર્દીઓને નિયમિત દવાનો ડોઝ, સગર્ભા મહિલાઓની સારસંભાળ અને અન્ય નાના મોટા કામ આ પેટા કેન્દ્ર દ્વારા ચાલે છે. નજીકમાં ગાંધીનગર આરોગ્ય વિભાગના સત્તાવાળાઓ સમક્ષ રજૂઆતો કરાઇ કે જીઇબી વાળા મીટર કાઢીને લઇ ગયા છે, છતાં પુનઃજોડાણ માટે કોઇ કાર્યવાહી થઇ નથી...શરીર દાઝે એવી આટલી ભીછણ ગરમીમાં કામ કઇ રીતે થાય....? પણ આરોગ્ય વિભાગને ત્યારે જ ખબર પડે કે અક્ષયકુમારની ફિલ્મ ટોઇલેટમાં ગામડામાં શૌચાલયો બનાવવા માટેની ફાઈલોના ઢગલા કરનાર કચેરીના તમામ ટોઈલેટને તાળા મારી દેવામાં આવ્યા ત્યારે જે કર્મચારીઓને ટોઈલેટની અગત્યતા સમજાઇ તેમ આરોગ્ય વિભાગના સત્તાધીશોને વીજળી વગર કામ કરવાની ફરજ પાડવામાં આવે ત્યારે સમજાય કે રાંધેજા પેટા કેન્દ્ર વગર વીજળીએ ૪૩ ડીગ્રી ગરમીમાં કઇ રીતકે કામ કરે છે....!! શરમ આવવી જોઇએ આવા સરકારી બાબુઓને કે જેઓ એસી ચેમ્બરમાં બેસીને તંત્ર ચલાવી રહ્યાં છે. જો કે રાંધેજા પેટા કેન્દ્રની સમસ્યા તેની જાણકારી વિભાગે આપવી જોઇએ. જીઇબીના સત્તાવાળાઓ મીટર કાઢીને લઇ ગયા તો તેનો અર્થ કે વીજબિલ ભરવામાં આવ્યું નહીં હોય, રાંધેજા પેટા કેન્દ્ર દ્વારા રૂપાલ કેન્દ્રને જાણ કરાઇ હશે, રૂપાલ કેન્દ્રએ ઉપલી કચેરીને જાણ કરી હશે. આમ મામલો ક્યાંકને ક્યાંક તો પહોંચ્યો હશે કે રાંધેજા પેટા કેન્દ્રમાં વીજળીની વ્યવસ્થા નથી તો ત્યાં કામ કઇ રીતે ચાલતું હશે.....!!

વિધાનસભામાં આરોગ્ય વિભાગનું કરોડો-કરોડો રૂપિયાનું બજેટ અને એમાં પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે તો અનેક સુવિધાની જાહેરાતો, તો રાંધેજા પેટા કેન્દ્ર કોઇ પરદેશમાં આવેલું છે...? ગાંધીનગરથી પથથર ફેંકીએ એટલે દૂર છે આ પેટા કેન્દ્ર. છતાં ભીષણ ગરમીમાં કામ કરનાર કર્મીઓની કોઇ સારસંભાળ લેવામાં આવી કે કેમ....?

# અમદાવાદમાં કોરોનાની સ્થિતિ જોતા રથયાત્રાની પરવાનગી મળે તેવી સંભાવના નહીવત

અમદાવાદ,તા.૧૧

દેશભરમાં કોરોનાનો સંકજો યથાવત છે, ત્યારે ગુજરાતમાં સંક્રમણની દ્રષ્ટીએ બીજા નંબર પર છે ત્યારે અમદાવાદ શહેરમાં ચેપગ્રસ્ત આંકડો ધીમે ધીમે વધી રહ્યો છે. ત્યારે જુન મહિનામાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા દર વર્ષે યોજાય છે. પરંતુ રાજ્યના સુપર રેડ ઝોન ગણાતા અમદાવાદમાં ૨૩મી જૂને સરકાર રથયાત્રા કાઢવાની મંજૂરી ન આપે તેવી સંભાવના છે. રાજ્યના સીએમ વિજય રૂપાણીના સચિવ અશ્વિનિ કુમારને આ અંગે સવાલ કરવામાં આવતા તેમણે જણાવ્યુ હતુ કે, અમદાવાદમાં કોરોનાની સ્થિતિ જોતા રથયાત્રાની પરવાનગી મળે તેવી સંભાવના ઓછી છે. તો બીજી તરફ જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મંડળના સભ્ય મહેન્દ્રભાઈનું કહેવુ છે કે, ઓછા લોકો સાથે રથયાત્રા નિકળશે.તેમણે લોકો ટીવી ચેનલથી ભગવાન જગન્નાથની રથયાત્રાના દર્શન કરે તેવી અપીલ કરી હતી. વૈશ્વિક મહામારી કોરોના વાયરસને પગલે જગન્નાથ ભગવાનની રથયાત્રાને લઈને સૌથી મોટા સમાચાર આવ્યા છે. જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર જા એ જીએસટીવી ન્યુઝ સાથે એક્સક્લ્યુઝીવ વાતચીત કરી છે. રથયાત્રા તો નીકળશે જ પરંતુ રથમાં માત્ર મંદિર ના મહારાજ અને પુજારીઓ જ હાજર રહેશે. નગરજનોને ટીવી ચેનલોના માધ્યમથી રથ યાત્રા નિહાળવા માટેની માનસિક તૈયારીઓ રાખવા કહ્યું. અમદાવાદમાં સતત કોરોનાના કેસ વધી રહ્યા છે.

# હવે કોઈ પણ જગ્યાએ પોતાની ખેત પેદાશો વેચી શકશે ખેડૂતો

ગાંધીનગર,તા.૧૧

કોરોનાકાળમાં રાજયના ખેડૂતો માટે મોટા સમાચાર આવ્યાં છે. રાજ્ય સરકાર એક વટહુકમ લાવી છે જે મુજબ હવે ખેડૂતો ક્યાંય પણ પોતાની ખેતપેદાશો વેચી શકશે. જિલ્લા બહારની એપીએમસી કે ખાનગી બજારમાં તેઓ જણસ વેચી શકશે. વેપારીઓ પણ સીધી ખરીદી કરી શકશે. અત્રે જણાવવાનું કે આ અંગે ખેડૂત આગેવાનો દ્વારા અનેકવાર સરકારને રજૂઆત કરવામાં આવી હતી. ભારતીય કિસાન સંઘે પણ આ મામલે રજૂઆત કરી હતી. લોકડાઉન દરમિયાન સરકારનો આ નિર્ણય રાહતના સમાચાર એટલા માટે છે કારણ કે તમામ એપીએમસી બંધ છે અને ખેડૂતોને જો પોતાની જણસ વેચવી હોય કે ખેતપેદાશ વેચવી હોય તો તેમની પાસે કોઈ વિકલ્પ નથી ત્યારે તેવા સંજોગોમાં સરકારનો આ નિર્ણય ખેડૂતો માટે મોટી રાહત સમાન છે.સરકારના આ નિર્ણયથી ખેડૂતોને રાહત મળશે. એપીએમસી બંધ હોવાથી ખેડૂતોને સીધો લાભ મળશે. ખેડૂતોના આગેવાન સાગરભાઈ રબારીએ આ અંગે જણાવ્યું કે ×પહેલી નજરે આ સારો નિર્ણય છે. ૧૧મી ફેબ્રુઆરીએ રાજ્ય સરકારને પત્ર લખીને એપીએમસી એક્ટમાં સુધારા સૂચવ્યા હતાં. જૂના એક્ટમાં જોગવાઈ હતી કે જેની પાસે એપીએમસીનું લાઈસન્સ નથી તેવા વેપારીને ખેડૂત માલ વેચી શકે નહીં અને જો કોઈ વેપારી આવી રીતે ખરીદે તો ગુનો બનતો હતો. ખેડૂતો માટે આ સૌથી મોટી મર્યાદા હતી કે લાઈસન્સ વગરનો કોઈ વેપારી તેમનો માલ ખરીદી શકતો નહતો. આ સુધારો થવાથી, મે જે માગણી કરી હતી કે પ્રોસેસરો, એક્પોર્ટરો અને બીજા હોલસેલરો પણ ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરી શકે તે પ્રમાણેનો ફેરફાર થવો જોઈએ તે વાત આમા સ્વીકારવામાં આવી છે. આથી ખેડૂતો માટે હવે તેમના બજારમાં વ્યાપ વધ્યો છે. તેમણે કહ્યું કે આના કારણે થોડી હરિફાઈ વધશે તો ખેડૂતોને જે અત્યારે ભાવ મળે છે, જે કન્ટ્રોલ માર્કેટ છે ૧૦- ૨૦ લાઈસન્સધારકો જ માલ ખરીદી શકતા હતાં એટલે એક પ્રકારે તેમની મોનોપોલી રહેતી હતી, આ મોનોપોલી થોડે અંશે હળવી થશે અને ખરીદી માટેની હરિફાઈ વધવાથી ખેડૂતોને સારા ભાવ મળે તેવી પૂરેપૂરી સંભાવના આમાં દેખાય છે.

### મોડાસા શહેર સંપૂર્ણ લોકડાઉન

# જીલ્લા કલેક્ટરે મોડાસા ચાર રસ્તા સહીત વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ સ્થિતિનો તાગ મેળવ્યો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસામાં જે રીતે કોરોનાના કેસો વધી રહ્યા છે તે જોતા જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે જાહેરનામું બહાર પાડ્યું છે.૧૧ મે થી ૧૭ મે દરમિયાન મોડાસા શહેરમાં દૂધ, મેડિકલ, એલપીજી ગેસ, વ્યાજબી ભાવની દુકાન, હોસ્પિટલ સિવાય ની તમામ દુકાનો બંધ રાખવામાં આવી છે. આ વચ્ચે અરવલ્લી જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર એ મોડાસાના વિવિધ કન્ટેઈનમેન્ટ વિસ્તારની મુલાકાત લીધી હતી. આ વિસ્તારમાં પૉલિસ સુરક્ષા વ્યવસ્થા સહિત લોકોની અવરજવર વિશે જાણકારી મેળવી હતી. ખાસ કરીને કન્ટેઈનમેન્ટ એરિયામાં પુરવઠો તેમજ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ કેવી રીતે પહોંચાડવામાં આવે છે, તે અંગે પણ સૂચનો કર્યા હતા.જિલ્લાના અન્ય તાલુકા મથકો અને કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં પણ ૧૭ મે સુધી આવશ્યક ચીજ વસ્તુઓ સિવાય તમામ ધંધા-રોજગાર બંધ રાખી સંપૂર્ણ લોકડાઉનમાં જોડાયા હતા

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં કૉરોનાના વધતા કેસને લઈને મોડાસા શહેરના વેપારી એસોસિએશન અને નગરપાલિકા ના પ્રમુખ દ્વારા વેપાર ધંધા બંધ રાખવા માટે સ્વૈચ્છિક સંમતિ આપવામાં આવી હતી, ત્યારે જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે એપેડેમીક ડિસિઝ એક્ટ અને ડિઝાસ્ટર એક્ટ મુજબ જાહેરનામું બહાર બહાર પાડી મોડાસા શહેરને સંપૂર્ણ લોકડાઉન રાખવા નો આદેશ કર્યો છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાની પરિસ્થિતિ જોઈએ તો બાયડમાં ૭, ભિલોડામાં ૧૩, મેઘરજમાં ૯, ધનસુરામાં- ૭, મોડાસા તાલુકામાં ૧૭ જયારે મોડાસા શહેરમાં ૨૩ મળી કુલ-૭૬ પોઝીટીવ દર્દીઓ જિલ્લામાં નોંધાયા છે. મોડાસા શહેરમાં તમામ મુખ્યમાર્ગો પર પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દઈ વાહનચાલકોની સઘન પૂછપરછ પછી જ આગળ વધવા દેવામાં આવતા હતા

### લોકડાઉનની સ્થિતીમાં ગ્રામીણ શ્રમિકોને

# રોજગારી-આર્થિક આધાર માટે મનરેગા સુફલામ જળ અભિયાનના ૧૮,૮૨૪ કામો ૩૪૬૩ ગામોમાં શરૂ થયા

**મનરેગા-સુજલામ સુફલામ જળ અભિયાનમાં ૩.૨૮ લાખ શ્રમિકોને રોજગારી મળી ભાવનગરમાં ૩૭,૫૧૯-નર્મદામાં ૩૩,૮૦૦-છોટાઉદેપૂરમાં ૨૦,૮૨૧ શ્રમિકોને રોજગારી**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતીમાં ગ્રામીણ શ્રમિકો ગરીબ પરિવારોને રોજગારી મળી રહે તે માટે મનરેગાના કામો તેમજ સુજલામ સુફલામ જળ અભિયાનના કામો શરૂ કરવા રાજ્યના વહિવટીતંત્રને પ્રેરિત કર્યુ છે.

મુખ્યમંત્રીશ્રીના આ દિશાનિર્દેશ મુજબ રાજયના ગ્રામીણ ક્ષેત્રોમાં ૩૪૬૩ ગ્રામ પંચાયતોએ ૧૮,૮૨૪ કામો મનરેગા અંતર્ગત હાથ ધર્યા છે અને ૩ લાખ ૪ હજાર ૭૫૬ ગ્રામીણ શ્રમિકો આવા કામોથી રોજગારી દ્વારા આર્થિક આધાર મેળવતા થયા છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે આ અંગેની વધુ વિગતો આપતાં કહ્યું કે, આ કામોમાં પણ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન તેમજ શ્રમિકોની આરોગ્યની તકેદારી રાખીને જિલ્લા તંત્ર દ્વારા કામો ઉપાડવામાં આવ્યા છે.

મનરેગાના કામોમાં સૌથી વધુ ૩૭,૫૧૯ શ્રમિકો ભાવનગરમાં, ૩૩,૮૦૦ શ્રમિકો નર્મદામાં, ૨૦,૮૨૧ છોટાઉદેપૂરમાં તેમજ ૨૦,૧૬૮ દાહોદ અને ૨૦,૦૪૧ પંચમહાલ મળી ૩૩ જિલ્લાના ૩૪૬૩ ગામોમાં સમગ્રતયા ૩,૦૪,૭૫૬ શ્રમિકો રોજગાર મેળવે છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને જળ સુરક્ષા આપવાના હેતુથી અને વરસાદી પાણીના મહત્તમ સંગ્રહ માટે છેલ્લા બે વર્ષથી સુજલામ સુફલામ જળ અભિયાન જનભાગીદારીથી શરૂ કરાવ્યું છે. આ અંગેની વધુ વિગતો શ્રી અશ્વિનીકુમારે આપી હતી.

આ અભિયાનનું ત્રીજું ચરણ તા. ૨૦મી એપ્રિલથી તા. ૧૦ જૂન સુધી યોજીને જળસ્ત્રોત ઊંડા કરવા, તળાવ-ચેકડેમમાંથી કાંપ-માટી કાઢવાના કામો જનભાગીદારીથી હાથ ધરવા શ્રી વિજયભાઈ રૂપાણીએ સૂચવેલું છે.

આ ત્રીજા ચરણમાં સમગ્રતયા ૧૪,૬૯૪ કામોનો લક્ષ્યાંક રાખવામાં આવેલો છે. અત્યાર સુધીમાં તદઅનુસાર ૩૬૬૫ કામો પ્રગતિમાં છે અને ૫૩૧ કામો પૂર્ણ થયા છે.

આ અભિયાનમાં તળાવ, ચેકડેમ ઊંડા કરવા, નદીઓના કાંપ કાઢવા સહિતની વિવિધ કામગીરી માટે ૮૧૬ જે.સી.બી. હિટાચી સહિત ૩૫,૪૬૫ યાંત્રિક સાધનો ઉપયોગમાં લેવાયા છે.

સુજલામ સુફલામ જળ અભિયાનના આવા કામો પર ૨૩ હજાર લોકોને રોજગારી મળી છે જેનાથી સમગ્રતયા ૬ લાખ ૧૦ હજાર ૩૬૮ માનવદિન રોજગારીનું સર્જન થયું છે.

એટલું જ નહિ, ૩૫ લાખ ૫૫ હજારથી વધુ ઘનમીટર જળસંગ્રહ ક્ષમતાનું કામ પૂર્ણ થયું છે.

આવા કામો પર ખોદકામ દરમ્યાન જે માટી નીકળે છે તે પણ ખેડૂતોને પોતાના ખેતરમાં ઉપયોગમાં લેવા માટે વિનામૂલ્યે આપવાનો અભિગમ પણ રાજય સરકારે અપનાવ્યો છે, એમ પણ મુખ્યમંત્રીશ્રીના સચિવે ઉમેર્યુ હતું.

સી.એમ-પીઆરઓ/અરૂણ

### રોજ પાન બનાવી ખવડાવાનો આદેશ

# અરવલ્લીમાં લોકડાઉનમાં એક મામલતદારના પાન ખાવાના શોખથી પાન પાર્લર ધારક તોબા

,અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર વિશ્વ સહિત અરવલ્લી જિલ્લાને કોરોના વાઈરસે ઝપેટમાં લીધો છે. જેના પગલે લોકડાઉન છેલ્લા ૪૭ દિવસથી ચાલી રહ્યું છે. જેમાં જીવન જરૂરિયાત સીવાયના દરેક વેપારધંધા બંધ રાખવા માટે હુકમો કરાયા છે. ત્યારે જેને પાન મસાલાનું વ્યસન છે તેઓ માટે ભારે આપત્તિ આવી હોય તેવી સ્થિતિ પેદા થઈ છે કેટલાક વ્યસનીઓ આત્મહત્યા પણ કરી રહ્યા છે . હાલ પાન, મસાલા, ગુટખા, તમ્બાકુ, સિગારેટ ૧૦ ગણા ભાવે લાલચુ વેપારીઓ વેચી રહ્યા છે. ત્યારે વ્યસનીઓ માટે આફત પેદા થઈ છે

તેવામાં અરવલ્લી જિલ્લાના એક મામલતદારને પાન ખાવાનું વ્યસન છે પરંતુ લોકડાઉનના પગલે પાન મળતા ન હોવાથી એક પાનપાર્લર વાળને આખો પાનનો કરંડીયો મંગાવી આપવાનો આદેશ કરતા પાનનો આખો કરંડીયો મંગાવી આપ્યો તેમ છતાં પાર્લર વાળની મુસીબત ઓછી થયી ન હોતી મામલતદારે પાનપાર્લર વાળાને રોજ પાન બનાવી ખવડાવવાનો આદેશ કરતાં પાન પાર્લરવાળો પણ મામલતદારની આદતથી તોબા પોકારી ઉઠ્યો છે અગમ્ય કારણોસર પાન પાર્લરવાળો મામલતદારના આદેશ ને ઠુકરાવી પણ શકતો ન હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે . પ્રાપ્ત માહિતી અનુસાર,કોરોનાના પગલે હાલમાં જીવન જરૂરિયાત સીવાયના વેપારધંધા સંક્રમણ ન વધે તે હેતુથી બંધ કરી દેવામાં આવ્યા છે. ત્યારે પાન મસાલાના રસીયાઓની મજબૂરીનો ફાયદો વેપારીઓ ઉઠાવી રહ્યા છે અને ૧૦ ગણા ભાવે બંધ બારણે વેચાણ થઈ રહ્યું છે. ત્યારે કેટલાક અધિકારીઓને પણ વ્યસન હોવાથી પોતાની વ્યવસ્થા કરી લીધી હોવાની વાતોએ જોર પકડ્યું છે. જાણવા મળ્યા મુજબ જિલ્લાના એક મામલતદારને પાન ખાવાનો ભારે શોખ છે પરંતુ લોકડાઉનના પગલે ક્યાંય પણ પાન મળતાં ન હોવાથી મામલતારે પોતાની વગનો ઉપયોગો કરીને એક પાનના ગલ્લાવાળાને પાનનો આખેઆખો કરંડીયો લાવી દીધો છે અને રોજ પાન બનાવીને ખવડાવવા માટે જણાવ્યું હતું. એક તરફ જીવન જરૂરીયાતની ચીજો માટે પાસ લેવા વેપારીઓ કરગરી રહ્યા છે અને બીજુ બાજુ અધિકારીઓને પાન મસાલા તમાકુ માટે ખાસ ગોઠવણ થઈ જતી હોવાનું ધ્યાને આવ્યું છે.

આ લોકડાઉનમાં જેની પાસે નાણાં છે તે અનેક ગણા રૂપિયા ચુકવીને પણ પોતાના વ્યસનો સંતોષી રહ્યા છે જ્યારે જેની પાસે નાણાં નથી અને વ્યસન છે તેઓ માટે ભારે મુશ્કેલી પડી રહી છે. કેટલીક વસ્તુ ચોપડે નોંધાતી નથી પરંતુ ક્યાંક તો તમ્બાકુના ખેતરમાંથી કેટલાય લોકો તમ્બાકુના પાન તોડી ગયા હોવાની વાત પણ જાણવા મળી હતી. આ લોકડાઉનમાં જીવન જરૂરી ચીજવસ્તુઓ માટે લોકો હાડમારી ભોગવી રહ્યા છે ત્યારે ઉચ્ચ પદો ઉપર બેઠેલા અધિકારીઓ મસાલા ઘસતા જોવા મળી રહ્યા છે. અને એમને અવિરત પુરવઠો મળતો રહે એ માટે કેટલાક વહીવટદારો સતત ચિંતા કરતા પણ જણાયા છે.

### માલપુરના મઠવાસમાં

# ડોકટરને બ્લેક મેલ કરવાનો તોડબાજ પત્રકાર અને અન્ય ઈસમ સામે પોલીસ ફરીયાદ નોધાવાઈ

અરવલ્લી જીલ્લા ના માલપુર તાલુકા ના મઠવાસ જેવા અંતરીયાળ ગામમાં સેવા કરતા ડો.હરેશ ભાઈ ભગાભાઈ પટેલીયા ને માલપુર ગામના એકપત્રાકાર જયપકાશ અને હરીસીંહ શીશોદીયા નામના બે ઈસમો એ ડોકટર હરેશ ભાઈ પટેલીયા ને ફોન ઉપર જણાવ્યુહતુ કે અમો ગાંધીનગર થી તપાસ માં આવ્યો છી એ તમારા વિરૂધ માં અમને ફરીયાદો મળી છે કે તેમો હોમોયો પેથીક દવા ઓને બદલે એલો પેથીક દવાઓ કરો છો અને દર્દી ઓ ના જીવન શાથે ચેડા કરો છો તેમ કહી આરોપી એ કહેલ કે તમો માલપુર પોલીસ સ્ટેશન માં છીએ ડોકટરે પોલીસ સ્ટેશન આવી.

તપાસ કરતા આરોપી ઓ આવ્યા ન હતા જેથી ડોકટરે પોતે ફોન કરી પુછતા બંને ઈસમો વેગેનાર કાર લઈ ને મોરડુંગરી સુધી છી એ માલપુર તાલુકા પંચાયત પાસે બોલાવી બંને ઈસમો એ ડોકટર નો વીડીયો બનાવી ડરવાનો પયાસ કરતા ડોકટરે એશોશીયેશન પમુખ સમગ ઘટના થી વાકેફ કરતા પમુખે ફોન કહ્યુ હતુ તેમને જે કરવુ હોય તેશકરે પોસા આપવાના નથી તેમજ એશોશીયન પમુખે ડોકટરે બંને ઈસમો ના ફોટા પાડવાનુ જણાવતા બંને ઈસમો કાર લઈને ભાગી છુટયા હતા ડો.હરેશ ભાઈ એ ખાનગી રાહે તપાસ કરતાં બંને ઈસમો માલપુર ના વતની હોવાનું જાણવા મળતા તોડ બાજ પત્રકાર અને અન્ય ઈસમ સામે માલપુર પોલીસસ્ટેશને ગુન્હો નોધાતા માલપુર પોલીસે તપાસ ના ચકોગતી માન કર્યાં છે.

### કોરોના મહામારી વચ્ચે સોશિયલ ડિસ્ટનશ અને લોકડાઉન ના ધજાગરા ઉડ્યા.

# બનાસકાંઠા જિલ્લામાં પછાત અને અંતરિયાળ વિસ્તારમા પીવાના પાણી માટે પણ વલખા મારવા ની નોબત આવી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લામાં લોકડાઉન ના ઉડ્યા ધજાગરા ત્યારે વાત કરીએ તો બનાસકાંઠા જિલ્લામાં આવેલ પછાત અને અંતરિયાળ વિસ્તાર એવા વાવ તાલુકાના અસારા ગામે છેલ્લા એક અઠવાડિયાથી પીવાનું પાણી લોકો ને મળતુ નથી ત્યારે આવા સમયે જો સરકાર દ્વારા લોક ડાઉન અને શોસિયલ ડિસ્ટનશ નું ચુસ્તપણે પાલન થાય તેવા પ્રયત્નો થઇ રહ્યા છે ત્યારે જો પીવાનું પાણી ન મળે તો લોકડાઉન અને શોસિયલ ડિસ્ટનશ કેવી રીતે જળવાશે તે પણ ગંભીર સવાલ છે ત્યારે ગામડા ની પરંપરા મુજબ જો પાણી ના આવેતો ગામ ના લોકો ટોળે ટોળા સાથે પાણીની



ટાંકીઉપર અથવા બે બે કિલોમીટર દૂર કુવા ઉપર પાણી માટે વલખાં મારતાં ટોળે ટોળા સાથે ઉભરાઈ જાય છે ત્યારે કેવી પરિસ્થિતિ સર્જાય તેની કલ્પના કરવી જોઈએ અને સાથે પુરવઠા વિભાગ ને જાણ કરવામાં આવેતો તો સંતોષ કારક જવાબ પણ મળતો નથી જેથી કલેકટર શ્રી આ વિશે ગંભીર નોંધ લે જેથી સંક્રમણ થી બચવા વધુ એક ઉપાય મળે સાથે અસારા ગામ ના લોકો ની માગ છે કે આ પાણી નો પ્રશ્ર્ન તાત્કાલિક ધોરણે હલ થાય તેવી રજુઆત છે સાથે જો અમને પાણી નહીં મળે તો અમો પાણી માટે ગમેતે કરીશુ અને ગાંધીચિંધ્યા માર્ગ શોસિયલ ડિસ્ટનશ ને ધ્યાને રાખીને ઉગ્ર આંદોલન કરવા મજબૂર બનવું ના પડે નહીં તો શોસિયલ ડિસ્ટનશ અને ૧૪૪ નો ભંગ થશે તો તેની જવાબદારી વહીવટી તંત્ર ની રહેશે એ સાથે ઉગ્ર રોશ ઠાલવ્યો હતો સાથે ચિમકી ઉચ્ચારી હતી

### મોડાસાની કોવીડ હોસ્પિટલમાં દવા સાથે દુવા

# કોરોના વૉરિયર્સ અને કોરોનાગ્રસ્ત દર્દીઓ કરે છે સામૂહિક પ્રાર્થના





અરવલ્લી બ્યુરો મોડાસા

કોવિડ-૧૯ની સામે જંગ લડી રહેલા તબીબો સહિત પેરામેડિકલ સ્ટાફ દ્વારા મોડાસા કોવિડ-૧૯ હોસ્પિટલમાં અનોખો પ્રયાસ શરૂ કરી દેવામાં આવ્યો છે.સામાન્ય રીતે દર્દીઓ કોરોના થયો હોવાની વાત સાંભળતા જ અડધી હિંમત હારી જતા હોય છે જેથી કોરોનાના દર્દીઓમાં આત્મવિશ્વાસ વધારવા માટે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ઉભી કરાયેલ કોવીડ હોસ્પિટલમાં સવારે-સાંજે સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે કોરોના અસરગ્રસ્ત જલ્દીથી સાજા થાય તેવી પ્રાર્થના હોસ્પિટલના કોરોના વોરિયર્સ અને કોરોનાગ્રસ્ત દર્દીઓ કરી રહ્યા છે કોરોના સૈનિકો દ્વારા દવાની સાથે દુઆ પણ માંગવામાં આવી રહી છે.કોવીડ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા દર્દીઓને ઉચ્ચ ગુણવત્તા સભર જમવાનું અને આયુર્વેદિક ઉકાળો,યોગા અને કોરોના વોરિયર્સ દર્દીઓ સાથે વાર્તાલાપ કરી માનસિક હૂંફ આપવામા આવતા દર્દીઓ ઝડપથી સજા થઇ રહ્યા છે

મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં કોરોના વાઇરસ અસરગ્રસ્ત દર્દીઓની સારવાર માટે કોવીડ-૧૯ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે જેમાં સારવાર લેનાર ૧૬ દર્દીઓ કોરોના થી મુક્ત થતા રજા આપવામાં આવી છે આ દર્દીઓ માટે હોસ્પિટલના તબીબો તથા સ્ટાફ દ્વારા તનતોડ મહેનત કરવામાં આવી રહી છે. આ માહોલ વચ્ચે દવા સાથે દુઆ પણ નિયમીત રીતે માંગવામાં આવે છે.

લોકડાઉનના માહોલમાં ડોક્ટરો થી લઇને પેરામેડિકલ સ્ટાફ આ ભયાનક બિમારીની સામે લડત આપી રહ્યો છે. આવા માહોલ વચ્ચે પણ દર્દી સાજો થઇને તેના ઘેર પરત ફરે તેવા જ તેમના પ્રયાસ છે. આ પ્રયાસમાં તેઓ જીત હંમેશા રહે તે માટે આ સામૂહિક પ્રાર્થના કરી છે. જેમાં વિવિધ ધર્મના લોકો હોય છે, તેઓ તેમના ધર્મની પણ પ્રાર્થના કરીને દુઆ માંગતા હોય છે. મોડાસાની કોવીડ હોસ્પિટલમાં દર્દીઓ માટે રમત-ગમત ના સાધનો પણ ઉપલબ્દ્ધ કરાવવામાં આવ્યા છે

### કોરોના કહેર વચ્ચે પાટણ જિલ્લામાં સરકાર શ્રી જાહેરનામા મુજબ

# આશિક રાહત વચ્ચે હારીજના વાઘેલ ગામે મનરેગા હેઠળના કામો શરૂ થયા

કોરોનાની મહામારી વચ્ચે સરકાર દ્વારા આંશિક રાહત મળતા તાલુકા પંચાયત કચેરી ની સૂચના મુજબ હારીજ તાલુકાના વાઘેલ ગામ તળાવ ખાતે ચોકડીઓ ખોદવાના કામો શરૂ કરતાં જેમાં વાઘેલા ગામ જાગૃત સરપંચ ગોબરભાઈ તથા તલાટી મનીષભાઈ દ્વારા સરકારના નિયમોનું ચુસ્ત પાલન કરી સોસિસલ ડિસ્ટન્સ સાથે શ્રમિકો ને સેનેટરાઈઝ નો ફરજીયાત ઉપયોગ કરવામાં આવ્યો હતો


તેમજ મજૂરી કરવા આવતા દરેક લોકોને ફ્રી માં માસ્ક વિતરણ કરી લોકો ને ફરજીયાત પહેરવા સૂચના આપવામાં આવી હતી મનરેગા હેઠળનું કામ શરૂ થતાં મજૂરી કામ કરી પરિવારો નું ગુજરાન ચલાવતા લોકોને કામ મળી રહેતા ખુશી નો માહોલ જોવા મળ્યો હતો..



**વિચરતા સમુદાય સમર્થન મંચ ના દ્વારા પાટણ ના હારીજ ફૂલવાદી વસાહત ખાતે ૭૬ પરિવાર અને રાવળ ,દેવીપુજક.કાંગસિયા .વાંસફોડા વિગેરે સમુદાય ના લોકો ને કુલ ૧૮૦ રાશનકીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું .વિચરતા સમુદાય સમર્થન મંચ ના કાર્યકરે મોહનભાઈ એ ઘરે ઘરે જઈને જરૂરિયાત મંદો ને રાશનકીટ નું વિતરણ કર્યું હતું જેમાં હારીજ નગર પાલિકા ઉપ પ્રમુખ નવલસંગ , તથા સમીરભાઈ ઠાકર હાજર રહીને વિતરણ કર્યું હતું રાસનકીટ મળતા ની સાથે વિચરતી જાતિ ના લોકો એ હરખ ની લાગણી અનુભવી હતી અને મિતલબેન અને સંસ્થા નો ખૂબ ખૂબ અભાર માન્યો હતો....**

# વલસાડ જિલ્લામાં યુવા ક્રાંતિ મિશન-૨૦૨૦ લોકડાઉનમાં જરૂરિયાત મંદ લોકો માટે બનીયું આધાર

સતિષ પટેલ બ્યુરો ચીફ વલસાડ



વલસાડ જિલ્લા યુવા ક્રાંતિ મિશન -૨૦૨૦ દ્વારા કપરાડા તાલુકાના અંધારપાડા ગામે કીટ વિતરણમાં વન વિભાગ રેંજ ફોરેસ્ટ ઓફીસર કપરાડા મોહનભાઈ પાગી,કપરાડા તાલુકા સરપંચ સંઘ પ્રમુખ ચંદરભાઈ ગાયકવાડ, અંધારપાડા ધાકુભાઈ, ઈશ્વરભાઈ,અગ્રણી આગેવાનો દ્વારા કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.પારડી તાલુકાના નેવરી ગામે પાંચ ગામમાં નેવરી, ડેલી, લખમાપોર, ધગડમાળ, પંચલાઈ ગામના જરૂરિયાત મંદ લોકોને કીટ વિતરણ માં નેવરી સરપંચ નરેશભાઈ પટેલ ,(માજી.મંત્રી બરજુલ ભાઈ પટેલની પત્ની)મણીબેન બરજુલભાઈ પટેલ, સામાજિક કાર્યકરો રાજુભાઈ આહીર મહેશ પટેલ પિયુષ પટેલ દિનેશ પટેલ ઉપસ્થિત રહી કીટ વિતરણ કરવામાં આવી હતી.વલસાડ જિલ્લા યુવા ક્રાંતિ મિશન -૨૦૨૦ અને લાલ બહાદુર શાસ્ત્રી સાર્વજનિક હાઈસ્કૂલ સુખાલા મેનેજમેન્ટના ચેરમેન વસંત પટેલ , (સ્વ. બરજુલભાઈ એન.પટેલ માજી મંત્રી ગુજરાત સરકાર ) રાહત સમિતિ કોરોના-૧૯ ના ઉપક્રમે અનાજકીટ વિતરણ ઉપક્રમે ભારત દેશ અને વિશ્વમાં કોરોના મહામારી વાયરસથી ભારત સરકાર અને ગુજરાત સરકારના આમ જનતાને લૉકડાઉન થી ઘરોમાં રહો અને સુરક્ષિત રહો દરોજના મજુરીકામ નિરાધાર વિધવા બહેનો બેટંક જમવાની વ્યવસ્થા નથી એવા પરિવાર માટે એક મિશાલ રૂપ યુવા વિચાર ધારા સાથે કપરાડા તાલુકાના ૧૩૦ ગામમાં સરાસરી ૮ થી ૧૦ અનાજ કીટનું વિતરણ તથા વલસાડ જિલ્લાના અન્ય પાંચ તાલુકામાં ૨૦૦ થી ૨૫૦ અનાજ કીટનું વિતરણ આયોજન કરવામાં આવ્યું હતું .

**Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.**

CYMK